અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૫ નવેમ્બર ૨૦૨૩, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, કારતક સુદ તેરસ

વર્ષ : ૧૫
અંક : ૧૧૫

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**સમગ્ર વિશ્વની નજર ચીનમાંથી નિકળતી બિમારી પર** | ભારત ચીનમાં બાળકોમાં ન્યુમોનિયાના નોંધાયેલા કેસોની દેખરેખ રાખી રહ્યું છે

## ચીનમાં પ્રસરેલી બિમારી પર ભારતની બારીક નજર

| નવી દિલ્હી, તા.૨૪ |

કોરોના મહામારી બાદ આખી દુનિયાની નજર ચીનમાંથી નીકળતી કોઈ બીમારી પર અટકેલી છે. હાલ એક રહસ્યમય બીમારીએ ચીનમાં તરખાટ મચાવ્યો છે. આ રહસ્યમય બીમારીના મોટાભાગના દર્દીઓ ચીનના ઉત્તર-પૂર્વ બેઈજીંગ અને લિયાઓનીંગની હોસ્પિટલમાં જોવા મળ્યા છે. બાળકોમાં તાવ, ખાંસી અને શ્વાસ લેવામાં પરેશાની જેવા લક્ષણો જોવા મળી રહ્યા છે જે ન્યુમોનિયાની માફક છે. જે અંગે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે, ભારત ચીનમાં બાળકોમાં ન્યુમોનિયાના નોંધાયેલા કેસોની નજીકથી દેખરેખ રાખી રહ્યું છે અને કોઈપણ કટોકટીનો સામનો કરવા માટે તૈયાર છે. તેમણે એમ પણ કહ્યું કે અત્યાર સુધીની પરિસ્થિતિને આધારે ભારત પર જોખમ ઓછુ છે.






આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારત વર્તમાન પરિસ્થિતિમાંથી ઉદ્ભવતી કોઈપણ કટોકટી સામે લડવા તૈયાર છે. હાલ ચીનમાં બાળકોમાં એચ૯એન૨ ફાટી નીકળવા અને શ્વસન સંબંધી બીમારીના ક્લસ્ટર પર કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય નજીકથી નજર રાખી રહ્યું છે. ભારત એવિયન ઈન્ફ્લ્યુએન્ઝા કેસ તેમજ ચીનમાંથી નોંધાયેલા શ્વસન રોગના ક્લસ્ટરથી ઓછું જોખમ ધરાવે છે. માહિતી અનુસાર જે બાળકો આ રોગથી પીડાઈ રહ્યા છે તેમને શ્વાસ લેવામાં તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. ડબ્લ્યૂએચઓએ કહ્યું કે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય આયોગના ચીનના અધિકારીઓએ ૧૨ નવેમ્બરે એક પત્રકાર પરિષદ સંબોધી હતી અને ચીનમાં શ્વાસ સંબંધિત આ રોગ વિશે માહિતી આપી હતી. આ રહસ્યમય રોગથી બીમાર બાળકોમાં કોઈ ચોક્કસ લક્ષણ તો નથી પરંતુ બાળકોના શરીરનું તાપમાન વધી જાય છે અને ફેફસાંમાં ગાંઠ બની જાય છે. હોસ્પિટલમાં ફરી બેડ ખૂટી પડવાની સ્થિતિ સર્જાઈ રહી છે. દર્દીઓએ સારવાર માટે ૨-૨ કલાક સુધી લાઈનમાં ઊભા રહેવું પડી રહ્યું છે. આ મામલે ડબ્લ્યૂએચઓએ કહ્યું કે કોરોના પ્રતિબંધોમાં રાહત આપવાને કારણે જ આ બીમારી ફેલાઈ છે. આ સાથે ડબ્લ્યૂએચઓએ બીમારી થયેલા બાળકોમાં ઈન્ફ્લૂએન્ઝા, સાર્સ કોવ-૨, માઈક્રોપ્લાઝ્મા ન્યૂમોનિયા અંગે વધારાની માહિતી માગવામાં આવી છે. ચીનમાં બાળકોના બીમાર થવાની તાજેતરની ઘટનાઓ કોરોના જેવા લક્ષણોનું પુનરાવર્તન કરતી દેખાઈ રહી છે.

### ડીપફેક્સના ખતરાને ધ્યાને રાખતા કેન્દ્ર સરકાર એલર્ટ મોડમાં

## ડીપફેક્સના ખતરાને નિયંત્રણ માટે હવે કડક નિયમો બનાવાશે

**સરકાર દ્વારા બેઠકોનો દોર શરૂ કરાયો : અધિકારીની નિમણૂક કરવામાં આવશે**

| નવી દિલ્હી, તા.૨૪ |

સોશિયલ મીડિયા પર ડીપફેક્સના ખતરાને ધ્યાને રાખતા કેન્દ્ર સરકાર એલર્ટ મોડમાં જોવા મળી રહી છે. તેને નિયંત્રિત કરવા માટે કડક નિયમો બનાવવામાં આવશે અને સતત બેઠકોનો દોર શરુ છે.

તાજેતરમાં કેન્દ્રીયમંત્રી રાજીવ ચંદ્રશેખરે કહ્યું કે, આ પ્રકારની વસ્તુની તપાસ માટે અધિકારીની નિમણૂક કરવામાં આવશે. કેન્દ્રીયમંત્રીએ સોશિયલ મીડિયા કંપનીઓ સાથે



મુલાકાત કરી હતી. ત્યારબાદ તેમણે કહ્યું કે, ડીપફેક સામગ્રી સામે કાર્યવાહી સુનિશ્ચિત કરવા માટે અધિકારીઓની નિમણૂક કરવામાં આવશે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે મહિનાની શરૂઆતમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ માટે એક એડવાઈઝરી જારી કરી હતી, જેમાં આ પ્રકારની કાયદાકીય જોગવાઈઓની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. અગાઉ પણ ચંદ્રશેખરે કહ્યું હતું કે, ખોટી માહિતીના ફેલાવાને રોકવા માટે ઑનલાઈન પ્લેટફોર્મની કાયદાકીય જવાબદારી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મના પ્રતિનિધિઓ સાથેની બેઠક બાદ ચંદ્રશેખરે કહ્યું કે, આજથી, આઈટી નિયમોના ઉલ્લંઘન માટે ઝીરો ટોલરન્સ સેટ કરવામાં આવશે. જે પણ કોઈ વચેટિયા હશે તેના વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવશે. તેની નોંધ લેવાશે અને તે વસ્તુ ક્યાંથી આવી તેની માહિતી વચેટિયા દ્વારા આપવામાં આવશે તો વસ્તુને શેર કરનાર વ્યક્તિ સામે પણ એફઆઈઆર દાખલ કરવામાં આવશે. તેમણે કહ્યું કે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મને આઈટી નિયમો અનુસાર ફેરફાર કરવા માટે સાત દિવસનો સમય આપવામાં આવ્યો છે.

**હિડનબર્ગ રિપોર્ટ મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી**

## સુપ્રીમે અદાણી-હિંડનબર્ગ કેસની તપાસનો આદેશ અનામત રાખ્યો

### પક્ષકારોને સોમવાર સુધીમાં લેખિત દલીલ રજૂ કરવા આદેશ

| નવી દિલ્હી, તા.૨૪ |

હિડનબર્ગ રિપોર્ટ મામલે આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી કરવામાં આવી હતી. સુપ્રીમે અદાણી-હિંડનબર્ગ કેસની તપાસનો આદેશ અનામત રાખ્યો છે. સુપ્રીમ કોર્ટે તમામ પક્ષકારોને સોમવાર સુધીમાં લેખિત દલીલ રજૂ કરવા માટે જણાવ્યું છે. આ સુનાવણી દરમિયાન કેવી રીતે શેરબજારની કામગીરીને ભવિષ્યમાં સુધારી શકાય તેના પર પણ ચર્ચા કરવામાં આવી. સુનાવણી દરમિયાન અરજદારના વકીલ એડવોકેટ પ્રશાંત ભૂષણે માંગ કરી હતી કે અદાણીના શેરમાં થયેલા રોકાણની તપાસ કરવામાં આવે. કોને કેટલો ફાયદો થયો તે અંગે પણ જાણ થવી જરૂરી છે. જયારે સેબીએ સામે દલીલમાં કહ્યું કે, તેઓ પહેલાથી જ તમામ પાસાઓની તપાસ કરી ચૂકી છે. સોલિસિટર



જનરલ તુષાર મહેતાએ એડવોકેટ પ્રશાંત ભૂષણનું નામ લીધા વગર કહ્યું કે, કોર્ટમાં હાજર થયેલા કેટલાક લોકો બહારની સંસ્થાઓને તેમના અહેવાલો મોકલે છે અને તેમના દ્વારા પ્રકાશિત કરાવે છે અને પછી તેના આધારે કોર્ટમાં આક્ષેપો કરવામાં આવે છે. સોલિસિટર જનરલએ જણાવ્યું કે સેબી દ્વારા નિર્ધારિત સમય મર્યાદામાં તપાસ પૂર્ણ કરવામાં આવી હતી. સામે જવાબ આપતા પ્રશાંત ભૂષણે કહ્યું કે, હિંડનબર્ગ રિપોર્ટમાં ઘણી બાબતો કહેવામાં આવી છે.

### ભારત સરકાર તરફથી સતત પડકારોને લીધે પગલું

## દિલ્હીમાં એમ્બેસી કાયમી ધોરણે બંધ કરવા અફઘાનિસ્તાનની જાહેરાત

| કાબુલ, તા.૨૪ |

અફઘાનિસ્તાને તેની દિલ્લીની એમ્બસી કાયમી ધોરણે બંધ કરવાની જાહેરાત કરી છે. દિલ્હીમાં તેના રાજદ્વારી મિશનને બંધ કરવા અંગે સત્તાવાર નિવેદન આપતા કહ્યું કે ભારત સરકાર તરફથી સતત પડકારોને કારણે ૨૩ નવેમ્બર, ૨૦૨૩થી એમ્બસી બંધ કરવાનો નિર્યણ લેવામાં આવ્યો છે. એમ્બસીએ ૩૦ સપ્ટેમ્બરે



પોતાનું કામકાજ બંધ કર્યા બાદ આ નિર્ણય લીધો છે. રાજદ્વારી મિશનના સામાન્ય સંચાલન માટે ભારત સરકારનું વલણ સાનુકૂળ રીતે બદલાશે તેવી આશા સાથે આ પગલું લેવામાં આવ્યું હતું. રિપોર્ટ મુજબ, અફઘાન એમ્બસીએ તેના નિવેદનમાં કહ્યું કે ભારતમાં અફઘાન નાગરિકો માટે, અફઘાન મિશનની સમજણ અને સમર્થન માટે હૃદયપૂર્વકનો અફઘાનિસ્તાન એમ્બસી આભાર વ્યક્ત કરે છે. જો કે, અમે સંસાધનોની અછત અને કાબુલમાં કાયદેસર સરકારની ગેરહાજરીમાં અફઘાન લોકોના ભલા માટે અથાક મહેનત કરી છે.

### કાઠમંડૂમાં રાજાશાહીની માગને લઈને હિંસા, લોકો રસ્તા ઉપર

| કાઠમંડુ, તા.૨૪ |

ભારતના પાડોશી દેશ નેપાળમાં હવે રાજાશાહી પાછી લાવવા માટેની માંગણી જોર પકડી રહી છે. ગુરુવારે રાજધાની કાઠમંડુમાં રાજાશાહીના સમર્થનમાં હજારો લોકો દેખાવો કરવા માટે રસ્તા પર ઉતરતા હિંસા ભડકી ઉઠી હતી.પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે થયેલી અથડામણમાં સ્થિતિ કાબૂમાં લેવા માટે પોલીસે ટીયરગેસના સેલ છોડવા પડ્યા હતા.

### આરએસએસ પ્રમુખ ભાગવત થાઈલેન્ડની મુલાકાતે

## વિશ્વના હિન્દુઓને એકબીજા સાથે જોડાવા મોહન ભાગવતની અપીલ

| બેંગકોક, તા.૨૪ |

આરએસએસ પ્રમુખ મોહન ભાગવત થાઈલેન્ડની મુલાકાતે છે, ત્યારે તેમણે આજે વિશ્વ હિન્દુ કોંગ્રેસ-૨૦૨૩ સંમેલન માં સંબોધન કર્યુ હતું. આ પ્રસંગે ભાગવતે કહ્યું કે, આજે વિશ્વ યોગ્ય રસ્તા પર નથી, અને લડખડાઈ રહ્યું છે. ભાગવતે વધુમાં કહ્યું કે, વિશ્વ ૨૦૦૦ વર્ષથી શાંતિ અને ખુશી લાવવાના પ્રયાસો કરી રહી છે. તમામે ભૌતિકવાદ, સામ્યવાદ અને મૂડીવાદનો પણ ઉપયોગ કર્યો, જુદા જુદા ધર્મો પણ



અજમાવ્યા છે અને તેમણે ભૌતિક સમૃદ્ધિ મળી છે, તેમ છતાં કોઈપણ સંતુષ્ટ નથી.

આ પ્રસંગે ભાગવતે વિશ્વભરના હિન્દુઓને અપીલ કરી કે, તેઓ એકબીજા સાથે જોડાય અને સાથે મળીને વિશ્વને પોતાની સાથે જોડે. તેમણે કહ્યું કે, વિશ્વ એક પરિવાર છે અને અમે તમામને આર્ય બનાવીશું. તેમણે વિશ્વભરમાંથી આવેલા વિચારકો, કાર્યકર્તાઓ, નેતાઓ અને સાહસિકોને સંબોધન કરતા કહ્યું કે, આપણે તમામ હિન્દુ સુધી પહોંચવું પડશે, સંપર્ક કરવો પડશે, તમામ હિન્દુઓ મળીને વિશ્વમાં તમામ સાથે સંપર્ક કરશે. હિન્દુઓ મોટી સંખ્યામાં જોડાઈ રહ્યા છે અને વિશ્વ સાથે જોડાવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.



**ન્યૂઝ બ્રિફ**

## શહેરમાં સ્વચ્છતા જાળવવા મનપાની ખાસ ઝુંબેશ

। અમદાવાદ, તા.૨૪ ।

શહેરમાં સ્વચ્છતા જાળવવાને લઈને મહાનગરપાલિકા એકશન મોડમાં આવી ગઈ છે. હવે શહેરમાં ગંદકી કરતા લોકો સામે સખત પગલા લેવનો મનપાએ નિર્ણય કર્યો છે. રાજકોટ શહેરમાં માવા મસાલા ખાતા લોકો ગમે ત્યાં પિચકારી મારીને ગદંકી ફેલાવે છે. આ મુદ્દાને લઈને મહાનગરપાલિકા હવે એકશન મોડમાં આવી ગઈ છે. મનપાએ શહેરની સ્વચ્છતા જાળવા માટે એક ઝુંબેશ શરૂ કરી છે. મહાનગર પાલિકાએ થૂંકતા અને ગંદકી કરતા લોકોના ફોટા જાહેર કર્યા છે. મનપાએ હાલ ૨ શખ્સોના ફોટો જાહેર કર્યા છે. રાજકોટમાં નાગરિક બેંક ચોકમાં જાહેરમાં ચૂકતા બે શકસોને મનપાયે ઈ મેમો ફટકાર્યો છે. ચાલુ બાઈકે જાહેરમાં પિચકારી મારતા આ શખ્સોના ફોટો મનપાએ જાહેર કર્યા બાદ વાયરલ થયા છે. સીસીટીવી કંટ્રોલરૂમ માંથી ૧૪૫૦ સ્થળની ચકાસણી કરવામાં આવી હતી. આ પહેલા પણ જાહેરમાં થુકનાર અનેક શખ્સો ને ઈ મેમો ફટકારવામાં આવ્યો હતો.

## સોલા સિવિલનાઅગ્નિશામક સાધનો શોભાના ગાંઠિયા સમાન બન્યા

। અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. સિવિલ હોસ્પિટલની ફાયર સેફટીના સાધનો બંધ હાલતમાં જોવા મળી રહ્યાં છે. અત્રે જણાવીએ કે, વધતી આગની ઘટનાઓ વચ્ચે ફાયર સિસ્ટમ બંધ હાલતમાં જોવા મળી રહી છે. બોયઝ-ગર્લ્સ હોસ્ટેલમાં ફાયર સેફ્ટી સિસ્ટમ શોભાના ગાંઠિયા સમાન જોવા મળી છે. આ બાબતથી સોલા સિવિલના વહીવટી તંત્ર પર અનેક સવાલો પણ ઉઠી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે, ૨ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ ફાયર સેફટીના સાધનો એક્સપાયર થઈ ચૂક્યા છે છતા પણ હજુ બદલીને નવા લગાવવામાં આવ્યા નથી. ખઆસ વાત એ છે કે, હોસ્ટેલમાં રહેતા ૪૦૦થી ૫૦૦ વિદ્યાર્થીઓના જીવ જોખમમાં વર્તમાનમાં જણાઈ રહ્યાં છે. કોઈ ઘટના બને તો અનેક વિદ્યાર્થીઓના જીવ જોખમમાં મુકાઈ શકે છે. વહીવટી તંત્ર પણ કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહી હોય તેમ એક્સપાયર ફાયર સેફટીનાં સાધનો જોવા મળી રહ્યાં છે. જો કે, અહીં કોઈ મોટી દુર્ઘટના ઘટે તો જવાબદાર કોણ તે સૌથી મોટો સવાલ છે. સોલા સિવિલ હોસ્પિટલની હોસ્ટેલની સમગ્ર ફાયર સેફટી બંધ હાલતમાં જોવા મળી રહી છે.

### મામલામાં વિવિધ એજન્સીઓએ શરૂ કરી તપાસ

# ભારતીય જળસીમામાંથી ઝડપાયા હતા ૧૩ પાકિસ્તાની માછીમારો

### તમામ માછીમારોનો પહેલા પોરબંદરની સરકારી હોસ્પિટલમાં કોરોના ટેસ્ટ કરાયો અને નવી બંદર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો

। ગાંધીનગર, તા.૨૪ ।

ભારતીય જળસીમામાં ઘૂસી આવેલી પાકિસ્તાની બોટ સાથે ૧૩ શંકાસ્પદ માછીમારોને ભારતીય કોસ્ટ ગાર્ડે ઝડપી લીધા હતા. ઝડપાયેલા તમામ પાકિસ્તાની માછીમારોને પોરબંદર ખાતે લવાયા હતા. તમામનો પોરબંદર સરકારી હોસ્પિટલમાં કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો અને પોરબંદરના નવીબંદર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

તેઓની વિવિધ એજન્સી દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી. ૨૧ નવેમ્બરે ભારતીય જળસીમમાંથી કોસ્ટગાર્ડે પાકિસ્તાની બોટ સાથે ૧૩ માછીમારોને ઝડપ્યા હતા. આ તમામ માછીમારોનો પહેલા પોરબંદરની સરકારી હોસ્પિટલમાં કોરોના ટેસ્ટ કરાયો



અને નવી બંદર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ નું જહાજ અરબી સમુદ્રમાં પેટ્રોલિંગ કરી રહ્યું હતું તે સમય દરમિયાન તેઓને એક શંકાસ્પદ બોટ જોવા મળી હતી. ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ ઈન્ટરનેશનલ મેરી ટાઈમ બાઉન્ડ્રી પાસે ભારતીય જળસીમામા આશરે ૧૫ કિલોમીટર અંદર માછીમારી કરી રહેલી એક બોટ નજીક પહોંચ્યું ત્યારે તે પાકિસ્તાન તરફથી તરફ ભાગવા લાગી હતી. જેથી કોસ્ટગાર્ડે તેઓને રોકીને તમામને ઝડપીને ઓખા ખાતે લાવવામાં આવ્યા હતા. ત્યાર બાદ માછીમારોનું વિવિધ એજન્સી તરફથી પૂછપરછ કરાઈ હતી.

ઝડપાયેલા પાકિસ્તાની માછીમારોની ઓળખ ઈકબાલ સખીદાદ - ટંડેલ, અબ્દુલ કાદિર, પરવેજ મોહમ્મદ ઈકબાલ બલોચ, અજીજુલ્લાહ ઉબરો ખસખેલી,, નૂરહમદ નૂર મહમદ, મનસુર મહંમદ ઈસ્માઈલ પટણી, અત્યાર અલી ઈબ્રાહીમ જોખીયા, જાહેર ગુલ હસન જોખિયા , મીર હસન મામદ, ફકીર મોહમ્મદ મહેરામ જોખીયા, ઓસમાણ અબ્દુલ્લા શમા, અબ્દુલ કરીમ ફતેહમદ, સોફાન માખલો જોખીયા તરીકે થઈ છે અને તમામને પોરબંદર એસઓજી ઓફિસે લાવી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

### શાળા સંચાલક મંડળની અન્ય શું છે માંગણીઓ ?

# રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલોની ગ્રાન્ટ વધારવાની માંગ

### ફી વિકલ્પવાળી સંસ્થામાં ૬૦ રૂપિયા ફી સાથે ૨૫૦ જ્યારે ૯૫ રૂપિયા ફી લેતી સંસ્થાઓ માં ૪૫૦ ફી લેવા રજૂઆત કરાઈ છે

। ગાંધીનગર, તા.૨૪ ।

રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલોમાં આપવામાં આવતી ગ્રાન્ટમાં વધારો કરવાની માંગ કરવામાં આવી છે. ગ્રાન્ટમાં વધારો કરવાની માંગ શાળા સંચાલક મંડળ તરફથી કરવામાં આવી હતી. રાજ્યની ગ્રાન્ટેડ શાળામાં ગ્રાન્ટની રકમ છેલ્લે ૨૦૧૭માં નિયત કરવામાં આવી હતી.

હવે સાત વર્ષે મોંઘવારી, લાઈટબિલ, સ્ટેશનરી સહિતના ખર્ચમાં વધારો થયો છે. જેના કારણે શાળાનું સંચાલન કરવું મુશ્કેલ બન્યું છે. ત્યારે શાળા સંચાલક મંડળે ૧થી ૧૫ વર્ગ વાળી શાળાને ગ્રાન્ટ વધારીને ૫ હજાર કરવા ૭થી ૧૬ વર્ગની શાળાની ગ્રાન્ટ વધારીને ૪૫૦૦ અને ૧૭થી વધુ વર્ગ હોય તો તેવી સ્કૂલોમાં ગ્રાન્ટ વધારીને ૪ હજાર કરી આપવા માંગ કરવામાં આવી છે. એટલું જ નહી ફી વિકલ્પવાળી શાળાઓમાં વધારો કરવાની પણ માંગ કરવામાં આવી છે. ફી વિકલ્પ વાળી સંસ્થામાં ૬૦ રૂપિયા ફી સાથે ૨૫૦



જ્યારે ૯૫ રૂપિયા ફી લેતી સંસ્થાઓ માં ૪૫૦ ફી લેવા રજૂઆત કરાઈ છે. રાજ્ય શાળા સંચાલક મંડળ દ્વારા અવારનવાર આ મામલે રજૂઆતો પણ કરાય છે તેમ છતાં હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. હવે શાળા શરૂ થવાને ગણતરીના દિવસો બાકી છે.

દિવાળી વેકેશન બાદ રાજ્યની શાળાઓમાં નવા શૈક્ષણિક ક્ષેત્રની શરૂઆત થવાની છે ત્યારે સંચાલકો દ્વારા ગ્રાન્ટની બાબતમાં કોઈ નિર્ણય લેવાય તેવી આશા

### સોશિયલ મીડિયામાં રોફ જમાવતા છે અનેક વીડિયો

# લેડી ડોનના વહેમમાં ફરતી મોરબીની રાણીબા ?

### મોરબીમાં પોતાને રાણીબા તરીકે ઓળખાવતી વિભૂતિ પટેલ મોરબીમાં સિરામિક એક્સ્પોર્ટનો વ્યવસાય કરે છે

। મોરબી, તા.૨૪ ।

શહેરમાં લેડી ડોન તકીકે ઓળખાતી રાણીબા ઉર્ફે વિભૂતિ પટેલ ફરીથી ચર્ચમાં આવી છે. પોતાની જાતને લેડી ડોન ગણાવતી રાણીબાએ કામે રાખેલા યુવાનને પગાર ચુકવ્યા વગર જ છૂટો કરી દેતા અને પછી તેને બોલાવીને માર મારતા વિવાદ વકર્યો છે. જોકે, આ ઘટના ચર્ચામાં આવતા લેડી ડોન ભૂગર્ભમાં ઉતરી ગઈ છે. નોંધનીય છે કે, વિભૂતિ પટેલે પોતાનું પગરખું યુવાનને મોઢામાં મુકાવડાવીને માફી માંગતો વીડિયો ઉતાર્યો હતો. આટલું જ નહીં તેને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કર્યો હતો જેને પગલે ભોગ બનેલા યુવાને મોરબી એ ડિવિઝનમાં ફરિયાદ નોધાવી હતી. નોંધનીય છે કે, મોરબીમાં પોતાને રાણીબા તરીકે ઓળખાવતી વિભૂતિ પટેલ મોરબીમાં સિરામિક એક્સપોર્ટનો વ્યવસાય કરે છે. ફરિયાદી યુવાન નિલેષભાઈને ઢોર માર મારતા મોરબી સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં એ ડિવિઝન પોલીસે આરોપી વિભૂતિ પટેલ ઉર્ફે રાણીબા સહિત બાર લોકો સામે એટ્રોસિટી એકટની કલમો ઉપરાંત IPC કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬ વગેરે મુજબ ગુન્હો નોંધી પકડવા માટે તજવીજ શરૂ કરી છે. આરોપી વિભુતી પટેલ ઉર્ફે રાણીબા લેડી ડોનના વહેમમાં ફરતી હોય તેવી રીતે આ પહેલા પણ તે ચર્ચામાં આવી હતી. સોશિયલ મીડિયામાં તેના અનેક આપતિજનક વીડિયો જોવા મળી રહ્યા છે. જેમાં તે લેડી ડોન હોય તેવા અંદાજ જોવા મળે છે.



**મોરબીમાં પોતાને રાણીબા તરીકે ઓળખાવતી વિભૂતિ પટેલ**

**તલવાર વડે કેક કટિંગ કરી રૌફ જમાવવાનો પ્રયાસ કરતી હોય તેવા વીડિયો પણ સોશિયલ મીડિયા પર જોવા મળે છે. હાલ પોલીસે ગુનો નોંધતા વિભૂતી પટેલ ઉર્ફે રણીબા ભૂગર્ભમાં ઉતરી ગઈ છે. આ કેસ અંગે મળતી માહિતી પ્રમાણે, મોરબીમાં અસામાજિક તત્વો બેફામ બનીને બિન્દાસ્ત રીતે કાયદો હાથમાં લઈને લોકોમાં ભયનો માહોલ ફેલવવા બેફામ બન્યા છે. મોરબી એ ડિવિઝન પોલીસ મથકે કરવામાં આવેલી ફરિયાદ પ્રમાણે, નિલેશ કિશોરભાઈ દલસાણીયા નામનો યુવક ૨ ઓક્ટોબરના રોજ રાણીબા ઇન્ડસ્ટ્રીઝમાં એક્સપોર્ટ વિભાગમાં નોકરીએ રહ્યો હતો. આ બાદ, ૧૮ ઓક્ટોબરે તેમને નોકરીએ આવવાનું ના પડ્યું હતું. જે બાદ પગાર તારીખ ૫ ને બદલે ૬ નવેમ્બરે પણ પોતાનો પગાર ન આવતા તેમણે આરોપીઓને ફોન કરીને મહેનતાણું માંગ્યું હતું. આ ફોન દરમિયાન આરોપીઓએ તેને ઓફિસ આવવા કહ્યું હતું, તો પિડિત પોતાના પાડોશી સાથે ઓફિસે જતાં સાથે આવેલ યુવકને ડી.ડી. રબારી નામના વ્યક્તિએ લાફાઓ મારીને ભગાડી દેવામાં આવ્યો હતો.**

### ખેડૂતોમાં ખુશી માહોલ છવાયો

# વિજાપુર માર્કેટ યાર્ડમાં કપાસ અને મગફળીના ભાવ હાઈ

### ભાવ ૧૧૩૦ થી ૧૪૬૪ રૂપિયા પ્રતિ મણ નોંધાયો હતો, સાથે સાથે યાર્ડમાં કપાસની ૨૯૧૦ બોરીની આવક પણ થઈ હતી



। મહેસાણા, તા.૨૪ ।

વિજાપુર માર્કેટ યાર્ડમાં હાલ કપાસ અને મગફળીની આવક થઈ રહી છે. યાર્ડમાં ૨૩ નવેમ્બરના રોજ મગફળી પાકની રેકોર્ડબ્રેક ૪૪૦૫ બોરીની આવક થઈ હતી. જેનો ભાવ ૧૧૩૦ થી ૧૪૬૪ રૂપિયા પ્રતિ મણ નોંધાયો હતો. સાથે સાથે યાર્ડમાં કપાસની ૨૯૧૦ બોરીની આવક પણ થઈ હતી.

ઉત્તર ગુજરાતમાં વિજાપુર માર્કેટ યાર્ડમાં કપાસ, તમાકુ, મગફળી, ઘઉં અને એરંડાની આવક વધારે આવતી હોય છે. વિજાપુર માર્કેટ યાર્ડમાં હાલ કપાસ અને મગફળીની નવી આવક શરૂ થઈ છે. યાર્ડમાં સીઝનની સૌથી વધારે મગફળીની આવક ૪,૪૦૫ બોરીની અને કપાસની ૨,૯૧૦ બોરીની આવક નોંધાઈ હતી. કપાસ પાકનો નીચો ભાવ ૧,૨૫૦ પ્રતિ મણ તેમજ ઊંચો ભાવ ૧,૫૧૫ પ્રતિ મણ નોંધાયો હતો.જ્યારે મગફળી પાકનો મણનો ૧,૧૩૦ થી ૧,૪૬૪ રૂપિયા ભાવ નોંધાયો હતો. માર્કેટ યાર્ડમાં એરંડાની ૧૦૪ બોરીની આવક નોંધાઈ હતી.જેનો ૧,૧૫૦થી લઈને ૧,૧૫૮ પ્રતિ મણ ઊંચો ભાવ નોંધાયો હતો. વિજાપુર માર્કેટ યાર્ડના ચેરમેન રમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે,માર્કેટ ઉઘડતાની સાથે જ નવા કપાસ અને એરંડાની હરાજી શરૂ કરાઈ હતી. માર્કેટ યાર્ડમાં એરંડાની ૧૨૩ બોરીની આવક થઈ હતી. તેમજ મણના ૧,૧૫૦ થી ૧,૧૫૮ રૂપિયા ભાવ નોંધાયો હતો.

**વિશેષ** રાજ્યકક્ષાના કાર્યક્રમમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલ તથા કેન્દ્રીય સંચાર રાજ્યમંત્રી દેવુસિંહ ચૌહાણની પ્રોત્સાહક ઉપસ્થિતિ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં દસક્રોઈ તાલુકાના પીરાણા ખાતેથી રાજ્યવ્યાપી 'રવિ કૃષિ મહોત્સવ - ૨૦૨૩'નો પ્રારંભ કરાવ્યો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં દસક્રોઈ તાલુકાના પીરાણા ખાતેથી રાજ્યવ્યાપી 'રવિ કૃષિ મહોત્સવ - ૨૦૨૩'નો પ્રારંભ કરાવ્યો હતો. અમદાવાદ ખાતે રાજ્યકક્ષાના કાર્યક્રમ સાથે જિલ્લાના તમામ ૯ તાલુકાઓ સહિત રાજ્યભરના ૨૪૬ તાલુકાઓમાં બે દિવસીય 'રવિ કૃષિ મહોત્સવ - ૨૦૨૩' ઊજવાયો. રાજ્યકક્ષાના કાર્યક્રમમાં અમદાવાદ ખાતે કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ તથા કેન્દ્રીય સંચાર રાજ્યમંત્રી અને ખેડાના સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ પણ ઉપસ્થિત રહ્યા હતા.






રાજ્યવ્યાપી 'રવિ કૃષિ મહોત્સવ - ૨૦૨૩'ના ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, એક સમય એવો પણ હતો કે રાજ્યમાં ખેતી 'કનિષ્ઠ' બની હતી. ખેડૂતો ખેતી છોડી રહ્યા હતા. આવા કપરાં સમયે રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ ક્ષેત્રની કાયાપલટ કરવાના સંકલ્પ સાથે કૃષિ મહોત્સવો અને કૃષિ મેળાઓ યોજવાની શરૂઆત કરી હતી. 'લેબ ટુ લેન્ડ'ના અભિગમ સાથે કૃષિ સંશોધનોને ખરા અર્થમાં જમીન પર લાવવા અને તેનો મહત્તમ લાભ ખેડૂતોને પહોંચાડવાના ઉદ્દેશ સાથે વર્ષ ૨૦૦૫થી શરૂ કરવામાં આવેલા કૃષિ મહોત્સવોએ ખરા અર્થમાં કૃષિ ક્રાંતિ સર્જી છે. ૧૫ જેટલા કૃષિ મહોત્સવોમાં ૨ કરોડ જેટલાં ખેડૂતોએ માર્ગદર્શન મેળવ્યું છે અને કૃષિ ક્ષેત્રે પછાત ગણાતું ગુજરાત ડબલ ડિજિટ ગ્રોથ મેળવવામાં સફળ થયું છે, એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ દેશ અને રાજ્યમાં કૃષિ ક્ષેત્રના વિકાસ અંગે વધુમાં વાત કરતા જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સેવા અને સુશાસનના મંત્ર સાથે ગરીબ, પીડિત,વંચિત અને ખેડૂતોના હિતની અને વિકાસની ચિંતા કરી. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ ખેડૂતોને સમયને અનુરૂપ આધુનિક ખેતી તરફ વાળવા માટેના પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા. દેશના કૃષિ મંત્રાલયનું નામ બદલીને કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલય કરવામાં આવ્યું છે, એવું તેમણે ઉમેર્યું હતું.

ખેતીમાં આધુનિકતા અને ટેકનોલોજીના ઉપયોગ અંગેના પ્રયત્નો અંગે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કુશળ નેતૃત્વમાં બીજથી બજાર સુધી યોગ્ય આયોજનો, યોજનાઓ અને પહેલો દ્વારા ખેડૂત આધુનિક અને સ્માર્ટ ખેતી અપનાવતો થાય, તે માટેના સતત પ્રયત્નો કરવામાં આવ્યા. ડ્રોનનો ઉપયોગ ખેતી માટે થશે એવું પહેલા કોઈએ વિચાર્યું નહોતું. આજે નેનો લિક્વિડ યુરિયાના છંટકાવ માટે ડ્રોનનો ઉપયોગ દેશભરમાં શરૂ થયો છે, એમ તેમણે ઉમેર્યું હતું. દેશ અને રાજ્યમાં કૃષિ વિકાસ અંગેની વિવિધ યોજનાઓ અને ઉપક્રમો અંગે વધુમાં વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, પીએમ કિસાન સન્માન નિધિ અંતર્ગત નાના-સીમાંત ખેડૂતોને વાર્ષિક RS.૬,૦૦૦ની સહાય આપવામાં આવે છે. સોઈલ હેલ્થ કાર્ડ, પશુ આરોગ્ય મેળા, વ્યાજમુક્ત લોન સહાય, પોષણક્ષમ ટેકાના ભાવ, આફતના સમયે યોગ્ય રાહત પેકેજ સહિતના અનેકવિધ ખેડૂત હિતકારી નિર્ણયોના પગલે આજે રાજ્યમાં ખેડૂતોની સ્થિતિ બદલાઈ છે અને ખેડૂતો આજે ખરા અર્થમાં આત્મનિર્ભર બન્યા છે. ટપક સિંચાઈની સુવિધાને લીધે આજે ખેડૂતો એકથી વધુ પાક લેતા થયા છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે અનેકવિધ કૃષિ વિકાસ આધારિત ઉપક્રમોના લીધે દેશમાં મગફળી અને દીવેલાના ઉત્પાદનમાં ગુજરાત પ્રથમ નંબરે છે જ્યારે તલ અને કપાસના ઉત્પાદનમાં રાજ્ય દેશભરમાં બીજા નંબરે છે. ચીકૂ, પપૈયા, ભીંડા, દાડમ, અજમો, જીરુ જેવા પાકોના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં પ્રથમ છે, જ્યારે દાડમ જેવા બાગાયતી પાકોમાં બીજા નંબરે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

પ્રાકૃતિક કૃષિની જરૂરિયાત અને ફાયદાઓ વિશે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કલાઈમેટ ચેન્જની ગંભીર સમસ્યાઓના સમાધાનના ભાગરૂપે 'મિશન લાઈફ' અને 'બેક ટુ બેઝિક'ના મંત્ર સાથે તંદુરસ્ત જીવનશૈલી અપનાવીને કુદરત તરફ પાછા વળવા આહવાન કર્યું છે. પ્રાકૃતિક કૃષિ આ અંગેનો સૌથી મહત્ત્વપૂર્ણ અભિગમ છે. આજે રાસાયણિક ખાતરોના અતિશય ઉપયોગના લીધે જમીન, પાણી અને આરોગ્ય સામે મોટું જોખમ ઊભુ થયું છે. આ તમામ સમસ્યાઓનું એકમાત્ર સચોટ સમાધાન 'ગાય આધારિત ખેતી' છે. આપણું સૌભાગ્ય છે કે આપણા રાજ્યના રાજ્યપાલ શ્રી પણ પ્રાકૃતિક કૃષિના તજજ્ઞ છે. તેમણે આ મુહિમને વેગવંતી બનાવી છે, રાજ્યમાં ૧૮ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિની તાલીમ મેળવી ચૂક્યા છે તથા ૮.૫ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવી ચૂક્યા છે, એવું તેમણે ઉમેર્યું હતું.

સાથે જ, મુખ્યમંત્રીશ્રીએ આંતરાષ્ટ્રીય મિલેટ યર નિમિત્તે વધુને વધુ ખેડૂતોને પોષકતત્ત્વોયુક્ત જાડા ધાન્યોના વાવેતર અને પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું કે, મિલેટ યર નિમિત્તે મીલેટ્સ પ્રત્યે જાગૃતિ વધી છે. રાજ્યના ૧૧ જિલ્લાઓમાં ૪.૨૫ લાખ હેકટર વિસ્તારમાં બાજરાનું વાવેતર થયું છે તથા માર્કેટમાં બાજરો, રાગી, કાંગ, જુવાર જેવા બરછટ ધન્યોની માંગ વધી છે.

### વર્લ્ડ કપ બાદની ભારતના પ્રથમ ટી૨૦

# એબોટે નો બોલ નાખતા રિંકુસિંહની છેલ્લા બોલની હિટ સિક્સ ન ગણાઈ

## રિંકુસિંહે ભારતના વિજય માટે સિક્સ ફટકારી પણ એબોટનોએ નોબોલ હોઈ માત્ર એક રન કાઉન્ટ કરાયો

। નવી દિલ્હી, તા.૨૪ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વર્લ્ડ કપ ૨૦૨૩ બાદ પ્રથમ ટી૨૦ મેચ ગઈકાલે વિશાખાપટ્ટનમમાં રમાઈ હતી જેમાં ભારતનો બે વિકેટે વિજય થયો હતો. આ મેચનું પરિણામ છેક છેલ્લા બોલ પર આવ્યું હતું જેમાં રિંકુ સિંહે છેલ્લા બોલ પર છગ્ગો ફટકાર્યો હતો, જો કે નિયમ મુજબ ૬ રન ગણવામાં આવ્યા ન હતા. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચની ટી૨૦ સીરિઝની પ્રથમ મેચ વિશાખાપટ્ટનમમાં રમાઈ હતી જેમાં ભારતનો બે વિકેટે રોમાંચક વિજય થયો હતો. ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે ટોસ જીતીને ફિલ્ડિંગ લેવાનો નિર્ણય કર્યો હતો અને ઓસ્ટ્રેલિયાએ નિર્ધારિત ૨૦ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને ૨૦૮ રન બનાવ્યા હતા જેમાં જોશ ઈંગ્લિશે સદી ફટકારી હતી. આ મેચ છેલ્લા બોલ સુધી ચાલી હતી અને ભારતીય ટીમે ૧૯.૫ ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને ૨૦૯ રનનો ટાર્ગેટ ચેઝ કર્યો હતો. મેચની છેલ્લી ઓવર ખુબ જ રોમાંચક રહી હતી જેમાં ભારતની ત્રણ વિકેટ પડી હતી અને રિંકુ સિંહે છેલ્લા બોલ પર છગ્ગો પણ ફટકાર્યો હતો, જો કે નિયમ મુજબ આ સિકસરને ગણવામાં આવી ન હતી. ભારતીય ટીમને મેચ જીતવા માટે છેલ્લા બોલ પર એક રનની જરુર હતી અને રિંકુ સિંહ સ્ટ્રાઈક પર હતો. જો તે આઉટ થયો હોત તો મેચ સુપર ઓવરમાં પહોંચી હોત પરંતુ એવું થયું નહીં. સીન એબોટના છેલ્લા બોલ પર રિંકુએ સિક્સર ફટકારી હતી, જો કે કમનસીબે આ છ રન રિંકુના કે ભારતના ખાતામાં ગણાયા ન હતા. સીન એબોટે જ્યારે છેલ્લો બોલ ફેંક્યો ત્યારે તેનો પગ ક્રીઝની બહાર જતો રહ્યો હતો અને અમ્પાયર દ્વારા તેને નો-બોલ જાહેર કરવામાં આવ્યો હતો અને આ કારણે રિંકુ સિંહની સિક્સ ગણવામાં આવી ન હતી અને ભારતીય ટીમઅને રિંકુ સિંહને છ રન મળ્યા ન હતા અને એક રન જ ગણવામાં આવ્યો હતો. આ સાથે જ ભારતે ૧૯.૫ ઓવરમાં જ વિજય મેળવ્યો હતો. જો ભારતને જીતવા માટે બે કે તેથી વધુ રનની જરુર હોત તો આ છ રન ભારતીય ટીમ તેમજ રિંકુ સિંહના ખાતામાં ગણાયા હોત.




### છિક્સ ફટકારવી એ મારા માટે નવું કામ નહોતું : રિંકુ સિંહ

ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ્૨૦ મેચમાં ભારતીય ક્રિકેટ ટીમને શાનદાર જીત અપાવનાર રિંકુ સિંહનું કહેવું છે કે તેને છેલ્લા બોલ પર જીતનો વિશ્વાસ હતો. ભારતે વિશાખાપટ્ટનમમાં રમાયેલી પ્રથમ T20 મેચમાં છેલ્લા બોલે ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું. છઠ્ઠા નંબર પર આવીને રિંકુ સિંહે ભારતીય ટીમને મુશ્કેલીમાંથી બહાર કાઢી અને કાંગારૂઓના જડબામાંથી જીત છીનવી લીધી હતી. આ મેચમાં રિંકુએ ફિનિશરની ભૂમિકા ભજવી હતી. તેણે છેલ્લા બોલ પર સિક્સર ફટકારી પરંતુ તે બોલ નો બોલ બન્યો અને ભારત સરળતાથી ૨ વિકેટથી જીતી ગયું હતું. જીત બાદ રિંકુ સિંહે પોતાની ખુશી વ્યક્ત કરતા કહ્યું કે તેને આ અંગે વિશ્વાસ છે. તે જાણતો હતો કે છેલ્લા બોલ પર કેવી રીતે રન બનાવવા. મેચ બાદ રિંકુ સિંહે કહ્યું, 'મને મારી જાત પર વિશ્વાસ હતો. મેં આ ઘણી વખત આમ કર્યું છે. તેથી જ મને મારામાં વિશ્વાસ હતો.' ટીમ ઈન્ડિયાને જીતવા માટે છેલ્લા બોલ પર એક રનની જરૂર હતી. રિંકુ સિંહે ઝડપી બોલર શોન એબોટના બોલને સિક્સર માટે બાઉન્ડ્રી પાર મોકલી દીધો હતો. જો કે આ બોલ નો બોલ હતો. આ રીતે ભારતે ઓસ્ટ્રેલિયા પર ૨ વિકેટે વિજય મેળવ્યો હતો. રિંકુ સિંહે છઠ્ઠા નંબર પર આવીને શાનદાર રીતે મેચ પૂરી કરી હતી. તેણે ૧૪ બોલમાં ૪ ચોગ્ગાની મદદથી અણનમ ૨૨ રન બનાવ્યા હતા. જ્યારે અક્ષર પટેલને પૂછવામાં આવ્યું કે શું તે બીજા છેડે રન બનાવી શક્યો ન હતો ત્યારે તે દબાણમાં હતો. આના પર રિંકુએ કહ્યું, 'મને આ નંબર પર રમવાની આદત છે. મેં છેલ્લી IPLમાં આ સ્થાન પર રમીને શાનદાર પ્રદર્શન કર્યું હતું. અહીં પણ મેં મારી જાત પર વિશ્વાસ વ્યક્ત કર્યો. આ જીત સાથે ભારતીય ટીમે ૫ મેચની T20 સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. બંને ટીમો હવે તિરુવનંતપુરમ જશે જ્યાં શ્રેણીની બીજી T20 મેચ ૨૬ નવેમ્બરે રમાશે.

### વર્લ્ડકપની ફાઈનલમાં હારી જતાં સમીકરણ બદલાયા

# ૨૦૨૪ ટી૨૦ વર્લ્ડકપમાં અશ્વિન, રોહિત અને વિરાટના રમવાની ઓછી શક્યતા

### હવે વર્ષ ૨૦૨૪માં વેસ્ટ ઇન્ડિઝ અને અમેરિકાની યજમાનીમાં ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ રમાવાનો છે








। નવી દિલ્હી, તા.૨૪ ।

ભારતીય ક્રિકેટ ટીમે વન-ડે વર્લ્ડકપ ૨૦૨૩માં શાનદાર પ્રદર્શન કર્યું હતું. પરંતુ ફાઈનલ મેચમાં તેને ઓસ્ટ્રેલિયા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. હવે વર્ષ ૨૦૨૪માં વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકાની યજમાનીમાં ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ રમાનાર છે. આવતા વર્ષે રમાનાર ટી૨૦ વર્લ્ડકપ માં ભારતીય ક્રિકેટ ટીમના કેટલાંક સિનિયર ખેલાડીઓનું રમવું થોડું મુશ્કેલ દેખાઈ રહ્યું છે. આ ખેલાડીઓએ છેલ્લા ૧૫ વર્ષથી ભારતીય ક્રિકેટ પર રાજ કર્યો છે.

આ લીસ્ટમાં સૌથી પહેલું નામ ભારતીય ટીમના ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિનનું છે. અશ્વિનની ઉંમર ૩૭ વર્ષથી વધુ થઇ ચુકી છે. તે વ્હાઈટ બોલ ક્રિકેટ વધુ નથી રમી રહ્યું પરંતુ છેલ્લા ૨ વર્લ્ડકપમાં તેણે ભારતીય ટીમમાં સામેલ કરવમાં આવ્યો હતો. તેણે ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૨ અને વન-ડે વર્લ્ડકપ ૨૦૨૩ માટે ભારતીય ટીમમાં સ્થાન આપવામાં આવ્યું હતું પરંતુ હવે ટી૨૦ આઈ વર્લ્ડ કપ ૨૦૨૪માં અશ્વિનનું રમવું મુશ્કેલ લાગી રહ્યું છે.કારણ કે મેનેજમેન્ટ કુલદીપ યાદવ અને રવિ બિશ્નોઈ જેવા સ્પિનર્સ પર વિચાર કરી રહ્યું છે. આ લીસ્ટમાં બીજું નામ ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માનું છે. રોહિતની ઉંમર ૩૫ વર્ષથી વધુ થઈ ગઈ છે. જો કે તે હાલ સત્તાવાર રીતે ્૨૦ ફોર્મેટમાં ભારતીય ટીમનો કેપ્ટન છે. પરંતુ છેલ્લી કેટલીક ટી૨૦ આઈ સિરીઝથી રોહિતને આરામ આપી હાર્દિક પંડ્યાને કેપ્ટનશીપ ની જવાબદારી સોંપવામાં આવી રહી છે. જો કે ઓસ્ટ્રેલિયા સામે રમાનાર ટી૨૦ આઈ સિરીઝમાં હાર્દિકના ઈજાગ્રસ્ત હોવાના કારણે સૂર્યકુમાર યાદવને આ જવાબદારી સોંપવામાં આવી છે.

ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીનું નામ આ લીસ્ટમાં ત્રીજા નંબરે છે. વિરાટની ઉંમર પણ ૩૫ વર્ષથી વધારે છે. જો કે તેની ફોર્મ અને ફિટનેસ જબરદસ્ત છે. પરંતુ ભારતીય ટીમ મેનેજમેન્ટ છેલ્લી કેટલીક ટી૨૦આઈ સિરીઝથી વિરાટને આરામ આપી રહ્યું છે. મેનેજમેન્ટ વિરાટની જગ્યાએ અન્ય વિકલ્પો શોધવાનો પ્રયાસ કરી રહ્યું છે. આવી સ્થિતિમાં શક્ય છે કે વિરાટ કોહલી પણ આગામી ટી૨૦ વર્લ્ડકપનો ભાગ ન બને. જો કે રોહિત શર્મા અને વિરાટ કોહલી આગામી ટી૨૦ વર્લ્ડકપ માં નહીં રમે તેની હજુ કોઈ ખાતરી નથી, પરંતુ આ ત્રણ ખેલાડીઓમાં રવિચંદ્રન અશ્વિનનું રમવું સૌથી મુશ્કેલ લાગી રહ્યું છે.

### એક અહેવાલમાં ચોંકાવનારો દાવો કરાયો

# ભારતમાં મેડિકલ મોંવારી દર ૧૪ ટકા પર પહોંચી ગયો

। નવી દિલ્હી, તા.૨૪ ।



સરેરાશ ભારતીયોની કમાણીનો એક મોટો હિસ્સો તો મેડિકલ બિલ પાછળ જ ખર્ચાઈ જાય છે. દેશમાં આ વર્ષે મોંઘવારીએ લોકોને જ્યાં ભારે મુશ્કેલીમાં મૂક્યા છે ત્યાં વધતાં મેડિકલ બિલોએ (મેડિકલ બિલ) પણ ઘા પર મીઠું ભભરાવવાનું કામ કર્યું છે. એશિયામાં મેડિકલ ખર્ચનો મોંઘવારી દર (મેડિલ ઈન્ફલેશન) સૌથી વધુ ભારતમાં જોવા મળ્યો. એક રિપોર્ટ અનુસાર ભારતમાં મેડિકલ મોંઘવારી દર ૧૪ ટકાએ પહોંચી ગયો છે. એવામાં દેશની સામાન્ય પ્રજા પર સતત મેડિકલ ખર્ચનું ભારણ વધતું જઈ રહ્યું છે. વધતાં જતા મેડિકલ બિલને લીધે કર્મચારીઓ પર વધારાનું આર્થિક ભારણ વધી રહ્યું છે. દેશના ૭૧ ટકા કર્મચારી મેડિકલ બિલની ચૂકવણી જાતે કરે છે અને ફક્ત ૧૫ ટકા જ એવી કંપનીઓ છે જે કર્મચારીઓને હેલ્થ વીમાનું કવર આપે છે. રિપોર્ટમાં દાવો કરાયો છે કે વધતાં મેડિકલ ખર્ચને કારણે ૯ કરોડથી વધુ ભારતીયોના જીવન પર અસર થઈ છે અને તેમની કમાણીનો ૧૦ ટકા હિસ્સો તો બીમારીઓની સારવાર પાછળ જ ખર્ચ થઈ જાય છે. અગાઉ નીતિ આયોગે રિપોર્ટમાં જણાવ્યું હતું કે દેશમાં નોકરિયાત વર્ગની સંખ્યા ૨૦૩૦માં વધીને ૫૬.૯ કરોડ થઈ જશે. જ્યારે ૨૦૨૨ માં આ લોકોની સંખ્યા ફક્ત ૫૨.૨ કરોડ જ હતી.



અજમેરમાં રાજસ્થાન વિધાનસભા ચૂંટણી માટે મતદાન પહેલાં મતદાન અધિકારીઓ વિતરણ કેન્દ્ર પર ઈવીએમ મશીન અને અન્ય ચૂંટણી સામગ્રી સાથે પહોંચી ગયા હતાં.

# બિટકોઈન મામલે ૧૦ લાખ ડોલરની ખંડણીમાં એરપોર્ટ ઊડાડવાની ધમકી

। મુંબઈ, તા.૨૪ ।

મુંબઈમાં આવેલા ઈન્ટરનેશનલ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી અપાયાનો મામલો સામે આવ્યો છે. પોલીસે આ મામલે એફઆઈઆર નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ ધમકી ઈમેલ દ્વારા આવી છે. ઈમેલ મોકલનારે આ વિસ્ફોટને ટાળવા માટે ૪૮ કલાકની અંદર ૧૦ લાખ ડોલરની ખંડણી માગી હતી, તે પણ બિટકોઈનમાં. તેણે ઈમેલમાં વધુમાં કહ્યું કે, જો બિટકોઈનમાં રકમ નહીં આપવામાં આવે તો સ્થિતિ અતિ ખરાબ થઈ શકે છે.

મુંબઈની સહાર પોલીસે કલમ ૩૮૫ અને ૫૦૫(૧)(બી) હેઠળ અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ કેસ નોંધ્યો છે. પોલીસનું કહેવું છે કે ઈમેલના આધારે જ એફઆઈઆર નોંધવામાં આવી છે અને વધુ તપાસ હાથ ધરાઈ છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે "quaidacasrol@gmail.com" નામના આઈડી પરથી આ ધમકીભર્યો ઈમેલ આવ્યો હતો. આરોપીએ ગુરુવારે સવારે ૧૧ વાગ્યે મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (એમઆઈએએલ)ના ફીડબેક ઈનબોક્સમાં આ ઈમેલ મોકલ્યો છે. ધમકીભર્યા ઈમેલમાં આરોપીએ લખ્યું છે કે તમારા એરપોર્ટ માટે આ છેલ્લી ચેતવણી છે. જો ૧૦ લાખ ડૉલર આપવામાં નહીં આવે તો અમે ૪૮ કલાકની અંદર એરપોર્ટના ટર્મિનલ ૨ પર બોમ્બ ધડાકા કરીશું. તેના માટે બિટકોઈનમાં અમને આ ખંડણીની રકમ ચૂકવવામાં આવે. ૨૪ કલાક પછી વધુ એક એલર્ટ મોકલીશું.

## અંતરિક્ષમાં આ સિદ્ધીથી રમેશ કુન્હીકનન બિલિયોનેર બની ગયા

। નવી દિલ્હી, તા.૨૪ ।

ચંદ્રયાન-૩ એ ૨૩ ઓગસ્ટના રોજ ચંદ્રના દક્ષિણ ધ્રૂવ પર સફળતાપૂર્વક લેન્ડિંગ કરીને રેકોર્ડ સર્જી દીધા હતા અને તેની સાથે ચંદ્રના સાઉથ પોલ પર લેન્ડ કરવાની આ સિદ્ધી મેળવનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ બની ગયો હતો. જોકે આ મિશનમાં સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવનાર તથા અગ્રેસર રહીને મોરચો સંભાળનારા ૬૦ વર્ષીય રમેશ કુન્હીકનન હતા. તેઓ એક ઈલેક્ટ્રિકલ એન્જિનિયર છે અને કાયનેસ ટેક્નોલોજી ઈન્ડયા (કેટીઆઈ)ના સંસ્થાપક છે. તેમની આ કંપની મૈસુરુમાં આવેલી છે. જોકે ભારતની અંતરિક્ષમાં આ સિદ્ધીને કારણે રમેશ કુન્હીકનન હવે બિલિયોનેર બની ગયા છે. ફોર્બ્સ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર રમેશ કુન્હીકનને ચંદ્રયાન-૩ મિશનની સફળતામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી. તેમણે ચંદ્રયાન-૩ માટે ઈલેક્ટ્રોનિક સિસ્ટમની સપ્લાય કરી હતી જેના દ્વારા રોવર અને લેન્ડરને વીજળી મળી રહી હતી. જ્યારે ચંદ્રયાન-૩ મિશન સફળ થયું હતું ત્યારે કેટીઆઈના શેરની કિંમતોમાં જોરદાર ઉછાળો નોંધાયો હતો.

## દિલ્હીમાં ફરતી સિંગાપોર એમ્બેસીની નકલી નંબરવાળી કાર

। નવી દિલ્હી, તા.૨૪ ।

ભારતમાં સ્થિત સિંગાપુર હાઈ કમીશને એક નકલી નંબર પ્લેટ વાળી કારને લઈ એલર્ટ જાહેર કર્યું છે. કમિશને ૬૩ સીડી નંબર પ્લેટને ફેક દર્શાવતા કહ્યું કે- આ અમારી કાર નથી. સાઈમન વોન્ગ દ્વારા શેર કરવામાં આવેલી તસવીરમાં રેનોની સિલ્વર રંગની ક્વિડ કાર દેખાઈ રહી છે. સિંગાપુરના હાઈ કમિશનર સાઈમન વોન્ગે સોશિયલ મીડિયા પર માહિતી શેર કરતા લખ્યું કે, એલર્ટ! ૬૩ સીડી નંબર પ્લેટ વાળી કારએ ફેક છે. અમે ભારતીય વિદેશ મંત્રાલય અને પોલીસને આ અંગે એલર્ટ કરી દીધા છે. જ્યારે પણ આ કારને દેખાઈ ત્યારે સાવધાન થઈ જજો.

### આયરલેન્ડના પાટનગરમાં પાંચ લોકો પર ચાકૂથી હુમલો

# ડબલીનમાં ચાકૂથી હુમલા બાદ તોફાનો ફાટી નિકળ્યા

। ડબલિન, તા.૨૪ ।



યુરોપિયન દેશ આયરલેન્ડની રાજધાની ડબલિનમાં પાંચ લોકો પર ચાકુ વડે હુમલો થયો હતો. જેમાં સ્કૂલના ત્રણ બાળકોનો સમાવેશ થતો હતો.એ બાદ ડબલિનમાં તોફાનો ફાટી નીકળ્યા હતા અને રોષે ભરાયેલા હજારો લોકોએ ઠેર ઠેર આગચંપી કરી હતી.

પોલીસનુ કહેવુ છે કે, બપોરે દોઢ વાગ્યાની આસપાસ ડબલિનના પાર્નેલ સ્કેવયર નામના વિસ્તારમાં એક વ્યક્તિએ ચાકુ વડે હુમલો કર્યો હતો.જેમાં પાંચ લોકો ઘાયલ થયા હતા.સ્થાનિક લોકોએ દરમિયાનગીરી કરીને હુમલાખોરને કાબૂમાં કર્યો હતો.ઘાયલ થયેલામાં પાંચ થી ૬ વર્ષના ત્રણ બાળકો પણ છે.

આ ઘટના બાદ લોકોનો રોષ ફાટી નિકળ્યો હતો.હુમલો કરનાર વ્યક્તિ માઈગ્રન્ટ હોવાનો દાવો સોશિયલ મીડિયા પર કરવામાં આવ્યો હતો અને એ પછી લોકો રસ્તા પર ઉતર્યા હતા અને વાહનોને આગ ચાંપવા માંડી હતી.એક હોટલ અને રેસ્ટોરન્ટમાં પણ તોડફોડ કરવામાં આવી હતી.

બીજી તરફ પોલીસે કહ્યુ હતુ કે, તોફાન કરનારાઓમાં જમણેરી વિચારધારા સાથે જોડાયેલા લોકો સામેલ છે.આ તોફાનોમાં પોલીસની એક ગાડી પણ સળગાવી દેવામાં આવી છે.

## ૩૧ ડિસેમ્બર સુધીમાં શિંદે સરકાર પડી જવાનો આદિત્ય ઠાકરેનો દાવો

। મુંબઈ, તા.૨૪ ।

મહારાષ્ટ્રના રાજકરણમાં એક બાદ એક સરકારની સાથે-સાથે રાજકીય દાવાઓની રમત પણ ચાલી રહી છે. ક્યારેક એકાએક સરકાર પડી જાય છે તો ક્યારેક એકાએક એમએલએ ફૂટી જાય છે તો ક્યારેક સરકાર પડી જવાના દાવાઓ કરવામાં આવે છે. હવે મહારાષ્ટ્ર રાજ્યના પૂર્વ પ્રવાસન મંત્રી અને ઠાકરે જૂથના નેતા આદિત્ય ઠાકરેએ મહારાષ્ટ્રની શિંદે સરકારને લઈને મોટો દાવો કર્યો છે. ઠાકરેએ દાવો કર્યો છે કે ૩૧ ડિસેમ્બર સુધીમાં શિંદે સરકાર પડી જશે. આદિત્યએ કહ્યું કે વર્ષ ૨૦૨૪માં દેશમાં અને મહારાષ્ટ્રમાં નવી સરકાર બનશે. આદિત્ય ઠાકરે કોંકણના પ્રવાસે છે. સાવંતવાડીમાં જનસભા બાદ તેમણે આ મોટું નિવેદન આપ્યું હતું. ધારાસભ્યોની સદસ્યતા અંગે વિધાનસભામાં ચાલી રહેલી સુનાવણી પર આદિત્ય ઠાકરેએ કહ્યું કે વિધાનસભાના અધ્યક્ષે ૩૧મી તારીખ અથવા તે પહેલા નિર્ણય લેવો જોઈએ

# આતંકીના સામે લડતા શહીદ સચિન લૌરાના ડિસેમ્બરમાં લગ્ન હતા

## ઓપરેશનમાં યુપીના નાગલિયા ગોરૌલા ગામના રહેવાસી સચિન લૌરા સેનામાં પેરાટ્રૂપર તરીક ફરજ બજાવતા હતા

। જમ્મુ, તા.૨૪ ।

જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં આતંકવાદીઓ સામે જે ઓપરેશન હાથ ધરાયું હતું તે હવે સમાપ્ત થઈ ગયું છે અને ભારતીય સેનાએ આ ઓપરેશનમાં બે આતંકવાદીઓને ઠાર કર્યા હતા જ્યારે સેનાના કુલ ૫ જવાન શહીદ થયા હતા. આ ઓપરેશનમાં આતંકવાદી સામે લડતા યુપીના સચિન લૌરા શહીદ થયા છે જેના ડિસેમ્બરના રોજ લગ્ન થવાના હતા. આ પહેલા કેપ્ટન શુભમ ગુપ્તા શહીદ થયા હતા જેના પણ લગ્ન થવાના હતા.

ભારતીય સેના દ્વારા જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં બજીમલ ગામના વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને છેલ્લા ૩૪ કલાકથી આતંકવાદીઓ અને ભારતીય સેના વચ્ચે ચાલી રહેલા આ ઓપરેશનનો અંત આવ્યો છે જેમાં સુરક્ષા દળોએ બે આતંકીઓને ઠાર કર્યા



છે જ્યારે આતંકવાદી સામેની અથડામણમાં ૫ જવાન શહીદ થયા હતા. આ ઓપરેશનમાં યુપીના અલીગઢમાં આવેલા નાગલિયા ગોરૌલા ગામના રહેવાસી સચિન લૌરા પણ શહીદ થયા હતા જે સેનામાં પેરાટ્રૂપર તરીક ફરજ બજાવતા હતા. પેરાટ્રૂપર સચિનના શહાદતના સમચાર તેના ગામમાં પહોંચતા જ સમગ્ર ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. આ ઉપરાંત પરિવારને આ ખબર મળતા જ પરિવાર પર જાણે આભ ફાટ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. ઉલ્લેખનીય છે કે સચિનના લગ્ન ૮મી ડિસેમ્બરના રોજ થવાના હતા જેથી પરિવારના સભ્યો ઘરે તેમના લગ્નની તૈયારી કરી રહ્યા હતા. ઘરના લોકો સચિનના આવવાની રાહ જોઈ રહ્યા હતા પરંતુ ગઈકાલે સાંજે તેમના શહાદતના સમાચાર મળતા પરિવારમાં ઉત્સાહનો માહોલ માતમમાં ફેરવાયો ગયો હતો.

અગાઉ બે કેપ્ટન સહિત ચાર જવાનો શહીદ થયા હતા. એમાં આગ્રાના કેપ્ટન શુભમ ગુપ્તાનો પણ સમાવેશ થાય છે. આ શુભમ ગુપ્તાના લગ્નની તડામાર તૈયારીઓ ચાલતી હતી. લગ્નની સિઝનમાં કેપ્ટન શુભમના લગ્ન થવાના હતા અને એ માટે તેમણે રજાઓ પણ મૂકી દીધી હતી.

## તંત્રી લેખ...

# નેશનલ હેરાલ્ડ કાંડ

ઈડીએ નેશનલ હેરાલ્ડ કાંડમાં એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ અને યંગ ઈન્ડિયનની લગભગ ૭૫૨ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કર્યા બાદ કોંગ્રેસ અને ભાજપમાં આરોપ-પ્રત્યારોપનો દોર ચાલુ થઈ ગયો છે, જે સ્વાભાવિક છે. જ્યાં કોંગ્રેસ ઈડીની કાર્યવાહીને બદલાનું રાજકારણ ગણાવી રહી છે, ત્યાં જ ભાજપ એ પ્રશ્ન પૂછી રહી છે કે આખરે ગાંધી પરિવારે નેશનલ હેરાલ્ડની કરોડોની સંપદાને પોતાની સંપત્તિ કઈ રીતે બનાવી લીધી? આ એ પ્રશ્ન છે, જેનો જવાબ તો મળવો જ જોઈએ. કોંગ્રેસ ભલે ઈડીની કાર્યવાહી પર ખીજાઈ હોય, પરંતુ એ તથ્ય અવગણી ન શકાય કે નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા અને રાહુલ જામીન પર બહાર છે. એક તથ્ય એ પણ છે કે દિલ્હીની એક અદાલતે જોયું હતું કે કોંગ્રેસી નેતાઓએ નેશનલ હેરાલ્ડ સહિત અન્ય અખબારોનું પ્રકાશન કરનારી કંપની એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડને ખોટી રીતે આંચકી લીધી. કોંગ્રેસને આ મામલે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાંથી પણ રાહત નથી મળી શકી, તેથી તેનો અંદેશો ઘેરાય છે કે આ મામલે કંઈક તો એવું જ છે, જેને કારણે કોંગ્રેસી નેતા કઠેરામાં છે. સ્વતંત્રતા પહેલાં કોંગ્રેસના શીર્ષ નેતાઓ સહિત લગભગ પાંચ હજાર સ્વતંત્રતા સેનાનીઓએ મળીને અંગ્રેજીમાં નેશનલ હેરાલ્ડ, હિંદીમાં નવજીવન અને ઉર્દૂમાં કૌમી આવાજ નામે અખબારોનું પ્રકાશન શરૂ કર્યું હતું. આ અખબારોનું પ્રકાશન કરનારી કંપની એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ પર કોઈ એક નેતાનો માલિકી અધિકાર ન હતો. વર્ષ ૨૦૦૮માં ઉપરોક્ત અખબારોનું પ્રકાશન બંધ થઈ ગયું, કારણ કે એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ નુકસાનમાં ગઈ. ૨૦૧૦માં કોંગ્રેસ નેતાઓએ યંગ ઈન્ડિયા લિમિટેડ નામે એક કંપની બનાવી, જેમાં સોનિયા અને રાહુલ ગાંધીની હિસ્સેદારી ૩૮-૩૮ ટકા હતી. બાકી હિસ્સેદારી એવા કોંગ્રેસી નેતાઓ પાસે હતી, જેઓ ગાંધી પરિવારના ખૂબ વફાદાર ગણાતા. કોંગ્રેસે એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડને નુકસાનમાંથી બહાર કાઢવા માટે ૯૦ કરોડ રૂપિયાની લોન આપી, પરંતુ તેમ છતાં કંપનીની આર્થિક સ્થિતિ સુધરી નહીં. આ મામલે પહેલો સવાલ એ ઊઠ્યો કે શું કોઈ રાજકીય પક્ષને આ પ્રકારે કોઈ કંપનીને લોન આપવાનો અધિકાર છે? આ સવાલ એટલા માટે ઊઠ્યો, કારણ કે આવકવેરા સંબંધી નિયમ કોઈ પક્ષને એ અનુમતિ નથી આપતા ક તે કોઈ કંપની સાથે લેવડ-દેવડ કરે. ગાંધી પરિવાર અને તેમના નજીકના નેતાઓની માલિકીવાળી યંગ ઈન્ડિયન કંપની પર એક ગંભીર આરોપ એ પણ છે કે તેણે ફક્ત ૫૦ લાખ રૂપિયા આપીને એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડનું અધિગ્રહણ કરી લીધું અને આ રીતે તે આ કંપનીની કરોડોની સંપત્તિના માલિક બની ગયા. આ સંપત્તિ દિલ્હી, મુંબઈ, લખનૌ વગેરે શહેરોમાં છે. જોકે અખબારોનું પ્રકાશન બંધ થયા બાદ આ સંપત્તિનો વ્યાવસાયિક ઉપયોગ કરાવા લાગ્યો, તેથી ગાંધી પરિવાર પર એ આરોપ પણ લાગ્યો કે તે ખોટી રીતે આંચકી લેવાયેલી કંપનીનો વ્યાવસાયિક ઉપયોગ કરીને ગેરકાયદે કમાણી કરી રહ્યો છે.

## ચીન યુદ્ધ : ભૂલી ન શકાય તેવું દર્દ

૨૧ નવેમ્બર, ૧૯૬૨ના રોજ ખતમ થયેલું ભારત-ચીન યુદ્ધ આપણા ઈતિહાસનો એવો કાળો અધ્યાય છે જેને ક્યારેય ભૂલી નહીં શકાય અને ભૂલવો પણ ન જોઈએ. આ યુદ્ધની ૬૧મી વરસીએ તેને યાદ કરી લેવું જરૂરી છે, જેથી અતીતનાં બલિદાન આપણા ભવિષ્ય માટે પથપ્રદર્શક બને. એ સમયે રાજનીતિ અને સેનાનું શીર્ષ નેતૃત્વ અક્ષમ લોકોના હાથમાં હતું. આ બધું ત્યારે થયું, જ્યારે ચીની ખતરા પ્રત્યે સતત ચેતવણીઓ આપવામાં આવી રહી હતી, પરંતુ તેની ધરાર અવગણના કરવામાં આવી. માઓના નેતૃત્વમાં ચીનની આક્રમક નીતિની ભવિષ્યવાણી નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે પહેલાં જ કરી દીધી હતી. વડાપ્રધાન જવાહરલાલ નેહરુને લખેલા પત્રમાં તેમણે ચીનને સંભવિત દુશ્મન ગણાવ્યું હતું. દુર્ભાગ્યે પંડિત નેહરુ દુશ્મનીનું વલણ ધરાવતા આ દેશની સાથે શાંતિપૂર્ણ સહઅસ્તિત્વની અવધારણાઓમાં ગુલતાન હતા. આ મામલે તેઓ કદાચ ડાબેરી વિચારધારા ધરાવતા રક્ષામંત્રી કૃષ્ણ મેનનથી ઘણા પ્રભાવિત રહ્યા. જ્યારે રામમનોહર લોહિયા, એમ.એસ. ગોલવલકર અને જયપ્રકાશ નારાયણ જેવા કેટલાય દિગ્ગજોએ ચીન પ્રત્યે ચિંતા વ્યક્ત કરી હતી, પરંતુ તેની પરવા ન કરવામાં આવી. તત્કાલીન સરકાર 'હિંદી-ચીની ભાઈ-ભાઈ'ના ભ્રામક પ્રચારમાં રાચતી રહી. તેનો ફાયદો ઉઠાવીને ચીનીઓએ ભારતીય ક્ષેત્રમાં ઘૂસણખોરી કરી. ચીને ૧૯૫૩ બાદ આક્રમક રૂપે સડક નિર્માણ શરૂ કરી દીધું. ચીની સૈનિકો ધૃષ્ટતાપૂર્વક સરહદોનું ઉલ્લંઘન કરી રહ્યા હતા. ૧૯૫૪ના આરંભમાં તેમના નક્શાઓમાં અક્સાઈ ચિનને ચીની ક્ષેત્ર રૂપે દેખાડવામાં આવ્યું. કોઈ સતર્ક અને જવાબદાર નેતૃત્વ માટે આ ખતરાની ઘંટડી જ હોત, પરંતુ વડાપ્રધાન નેહરુ જાણે-અજાણે પોતાના ચીની સમકક્ષ ઝાઉ એન લાઈના ભરમાવામાં આવી ગયા અને તેમણે પંચશીલ સમજૂતી પર હસ્તાક્ષર કરી દીધા. શાંતિપૂર્ણ સહ-અસ્તિત્વના મૂળભૂત સિદ્ધાંતો રૂપે રજૂ કરવામાં આવેલ આ સંધિ આપણા તત્કાલીન રાજકીય નેતૃત્વની કાયરતાની નિશાની છે. સંધિમાં ઔપચારિક રૂપે તિબેટ પર ચીનના નિયંત્રણનો સ્વીકાર કરી લેવામાં આવ્યો. ત્રણ વર્ષ બાદ ચીને રાજમાર્ગ નં.૨૧૯નું નિર્માણ પૂરું કર્યું, જે શિનજિયાંગમાં હોટનને તિબેટમાં લ્હાસા સાથે જોડે છે. તેણે ભારતીય સીમા દળ પર પોતાના ક્ષેત્રમાં ઘૂસણખોરીનો આરોપ પણ લગાવ્યો. એ સમય આપણી સરકાર માટે દૃઢતાથી પોતાની સંપ્રભુતાની રક્ષા કરવાનો હતો. તેમ છતાં નેહરુ અને મેનનને સેના પ્રમુખો દ્વારા સંસાધનો વધારવા અને સશસ્ત્ર દળોના આધુનિકીકરણ માટે કરેલી ભલામણોની અવગણના કરી દેવાઈ. વૈચારિક દૃષ્ટિએ સોવિયત સંઘ પણ પોતાના કમ્યુનિસ્ટ સાથી ચીન સાથે ઊભું હતું. ભારત વૈશ્વિક સ્તર પર એકલું પડતું ગયું. ચીની દુસ્સાહસ વધતું ગયું. પંડિત નેહરુએ પ્રતિક્રિયા આપવામાં પણ વિલંબ કર્યો, બલ્કે પ્રતિક્રિયા પણ ત્રુટિપૂર્ણ રહી. આપણે તો ચીન દ્વારા પડાવી લીધેલો ભૂભાગ પાછો લેવાનો હતો, પરંતુ તેને બદલે આપણે આપણી વધુ જમીન ગુમાવવી પડી! તેમણે જરૂરી સૈન્ય-સામગ્રીના અભાવમાં સેનાને અક્ષમ હથિયારો સાથે જ વિવાદિત ક્ષેત્રોમાં સૈન્ય ચોકીઓ સ્થાપિત કરવાના આદેશ આપ્યા. તેનાથી ચીન સાથે સીધો ટકરાવ થયો. હાલતને બદતર બનાવતાં પંડિત નેહરુએ જનરલ પીએન થાપર અને લે.જનરલ બ્રિજમોહન કૌલ જેવા 'પસંદગી'ના લોકોના હાથમાં સેનાની કમાન સોંપી. તેમણે ૧૯૫૮ના અંતમાં એક ચીની સૈન્ય મિશનને ભારતના મુખ્ય સંરક્ષણ સ્થળોની મુલાકાત લેવાની અનુમતિ પણ આપી દીધી. સૌથી મોટી બેદરકારી એ રહી કે પંડિત નેહરુએ વાયુસેનાની ભૂમિકા સીમિત રાખી, જ્યારે તેનો ઉપયોગ કર્યો હોત તો યુદ્ધમાં આપણી સ્થિતિ બહેતર હોત.

# કાર્તિકી પૂર્ણિમાએ દેવતાઓનું સામ્રાજ્ય એટલે કે સ્વર્ગને બચાવવા ભગવાન શિવએ ત્રિપુરાસુરનો વધ કર્યો



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)





હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. તા ૨૬/૨૭ કારતક સુદ પૂર્ણિમા એટલે કે જેને આપણે દેવ દિવાળી તરીકે ઓળખીએ છીએ એ છે. આપણે પુરાણો પરથી એવી કેટલીયે દંત કથાઓ સાંભળી હશે, વાંચી હશે, કે કોઈને મોઢે સાંભળી હશે, અને એમાં બંનેમાં જે ચડિયાતું પાત્ર હોય, એને દેવ કહેવાય અને વિકૃત કે હલકું પાત્ર હોય એને દાનવ કહેવાય. દિવાળી એટલે જીવન સંબંધોને સંવારવાનો અવસર અને દેવ દિવાળી એટલે ઈશ્વર પ્રત્યેની આપણી શ્રદ્ધા અને વિશ્વાસનું જતન કરવાનો અવસર એવું ચિંતન કરી શકાય. કાળ ચક્રના પૈડાંનું એટલે કે જીવનની ગતિવિધિઓનું શાંત રીતે નિરીક્ષણ કરવામાં આવે તો એમાં ઉતાર ચઢાવના મોડ આવતાં જ રહેતાં હોય છે, અને આ કંઈ આજનાં જ સમયની વાત નથી. સતયુગથી શરૂ કરીને આજે એટલે કે કળિયુગ સુધી આવા ઉતાર ચઢાવનો દોર જોઈ શકાય છે, અને એવું પણ નથી કે દેવને શાંતિ હતી. દેવને પણ પોતાનું સામ્રાજ્ય બચાવવા માટે બહુ જ મહેનત કરવી પડતી હતી. કારણ કે શક્તિશાળી દાનવો ( બુરાઈ ) એ સમયે પણ દેવનાં ( અચ્છાઈ) અસ્તિત્વને જોખમમાં મૂકી શકે તેમ હતા. જોકે દેવ દાનવ એ કદાચ પહેલાંનાં સમયની શ્રેણી હતી, એટલે આપણે એને દંતકથા રૂપે જોઈએ છીએ, પરંતુ આજે પણ સમાજમાં એ જ રીતે સજ્જન કે વૈષ્ણવો કે પછી સાધુ પુરુષ વ્યક્તિત્વ જોવા મળે છે, જેના જીવન વિશે જાણીએ તો આપણને દેવ કરતાં પણ વધુ આકરી આકરી પરિસ્થિતિ માંથી પસાર થયાનું જાણવા મળે છે. ટૂંકમાં દેવ એટલે સિદ્ધ અને પ્રતિષ્ઠિત એમ વ્યાખ્યા કરીએ તો, આ સિદ્ધિ અને પ્રતિષ્ઠા ને સંભાળી રાખવી એ પણ બહુ અઘરું કામ છે. દેવ દિવાળી સાથે પણ આવી એક દેવ દાનવની દંતકથા જોડાયેલી છે એને વિશે વાત કરીશું.

પૌરાણિક કથા અનુસાર ત્રિપુરાસુર નામનો એક બહુ જ શક્તિશાળી રાક્ષસ હતો, તે ખુબ જ તપ કરતો હતો. તેની તપની વિધા જોઈને દેવો સમજી ગયા, કે આ કોઈ સામાન્ય તપ કરતો નથી, અને જે ત્રણે લોકનું અહિત કરવા આ કરી રહ્યો છે, માટે તેમણે તેનું તપ ભંગ કરવા માટે અને અપ્સરાઓને મોકલી પરંતુ તે અપ્સરા ઓ પણ તપ તોડી ન શકી. તે કામ, ક્રોધ, કે રૂપને વશ થયો નહીં. અને તેણે પોતાનું એ તપ ચાલુ રાખ્યું, અને બ્રહ્માજીને પ્રસન્ન કર્યા અને તેણે અમરતાનું વરદાન માંગ્યું.બ્રહ્માજીએ તેને કહ્યું કે શરીર છે માટે મૃત્યુ પણ અનિવાર્ય છે, તોય અન્ય વરદાન માંગી લે ત્યારે તેણે કોઈ દેવથી ન મરું, કોઈ રાક્ષસથી ન મરું! કોઈ સ્ત્રીથી ન મરું! કે કોઈ રોગથી ન મરું! એવું વરદાન માંગ્યું, અને બ્રહ્માજી તથાસ્તુ કહીને ચાલ્યા ગયા. ત્રિપુરાસુર એ સમગ્ર પૃથ્વી પર ત્રાસ ફેલાવવાનું શરુ કર્યું, અને અન્ય રાક્ષસો પણ તેની સાથે જોડાયા. તેમણે રાક્ષસોને કહ્યું કે દેવતાઓ પાસેથી સ્વર્ગ છીનવી લેવાનું છે, અને અન્ય કિંમતી ચીજવસ્તુઓ પણ લઈ લેવાની છે, જો કોઈ ન માને તો તેને મોતને ઘાટ ઉતારી દો.દેવ દાનવનું ભયંકર યુદ્ધ થયું, અને દેવતાઓ ને સ્વર્ગ છોડવું પડયું.


લગભગ દેવતાઓને એવું લાગ્યું કે, આપણે હવે હારી જઈશું, અને જો આ ત્રિપુરાસુર સ્વર્ગ પર કબજો કરી લેશે તો આપણે ક્યાં જઈશુ? આથી તેઓ બધા શંકરને શરણે જાય છે. ત્રિપુરાસુર ત્યાં પણ પહોંચી જાય છે, અને યુદ્ધ માટે લલકારે છે. બ્રહ્મા, નારદ, અને ઈન્દ્ર, ભગવાન શિવને પ્રાર્થના કરે છે, કે હવે તમે જ આનો કોઈ ઉપાય શોધો. ભગવાન શંકર ત્રિપુરાસુરને એક જ બાણ મારે છે, અને તેનું મૃત્યુ થાય છે, તેથી દેવો પોતાના વિજય માટે કે સ્વર્ગ બચી ગયું એમ કરીને હર્ષોલ્લાસથી નાચવા લાગે છે, અને આ દિવસે કારતકી પૂર્ણિમા હતો, એટલે એ દિવસથી આ તહેવાર ઉજવવામાં આવે છે. એને દેવ દિવાળી કે ત્રિપુરારી પૂર્ણિમા પણ કહેવામાં આવે છે. આપણી દિવાળીની જેમ જ પ્રબોધિની એકાદશી કે તુલસી વિવાહથી શરૂ કરીને કારતકી પૂર્ણિમા સુધી દેવ દિવાળીનો તહેવાર ઉજવવામાં આવે છે. લગ્નનો પ્રસંગ પાંચ દિવસનો હોય એ રીતે પૂર્ણિમાને દિવસે તુલસી વિવાહની સમાપ્તિ થાય છે. પરંતુ પ્રબોધિની એકાદશીના દિવસે ચિંતનમાં આપણે જોયું કે જલંધર નામનાં એક અસુરના ત્રાસથી બચવા દેવો એ વિષ્ણુને વિનંતી કરી અને આમ એક શક્તિશાળી અસુરને યુદ્ધમાં છેતરપિંડી કરીને મોતને ઘાટ ઉતાર્યો, અને એની પતિવ્રતા પત્ની વૃંદાને કારણે સ્વયં ભગવાન વિષ્ણુ દંડિત થયાં, અને વૃંદા પોતાના પતિ જલંધરનું મસ્તક ખોળામાં રાખી સતી થઈ અને એ રાખમાં તુલસીનો છોડ ઉત્પન્ન થયો. જ્યારે કાર્તિકી પૂર્ણિમાએ બ્રહ્માજી પાસેથી લગભગ અમરતાની નજીકનું વરદાન પ્રાપ્ત કરવા છતાં ભગવાન શંકર એ એને પણ મરણને શરણ પહોંચાડ્યો, અને આ રીતે દેવોનાં સામ્રાજ્યને બચાવ્યું. આ બંને ઘટના માંથી શું તારવી શકાય! દેવ એટલે ધર્મ અને દાનવ એટલે અધર્મ એમ જો ધારીએ તો અધર્મના નાશ માટે અને ધર્મની પુનઃ સ્થાપના માટે ઈશ્વર એ મદદ કરી હોઈ શકે! પણ સવાલ એ છે કે દેવના માનસમાં શું માત્ર ધર્મની વૃત્તિ જ હતી? કે પછી પોતાના ભોગ વિલાસ સલામત રહે એ ભાવનું પ્રાધાન્ય હતું! અને એ જ રીતે દાનવ તો જેવા વિકૃત દેખાતા હતા એવી જ વિકૃત માનસિકતા ધરાવતા હતાં. એટલે કે અન્યને હેરાન પરેશાન કરવામાં જ એમને આનંદ આવતો હતો, કે પછી બીજા પાસેથી પોતાની પસંદગીની વસ્તુઓ છીનવી લેવી, અને આસાનીથી ન માને તો હિંસા કરીને પણ એ મેળવી લેવું. એટલે આમ જોઈએ તો અહીં કોઈ પ્રપંચ નથી! પણ સુંદર અને આકર્ષક દેહમાં અંદર એવું ઘણું હતું, જે એમને અંદરોઅંદર પણ વિરોધ કરાવતા! જ્યાં સ્વાર્થ હોય ત્યાં પરમાર્થ કેમ હોય એ પ્રશ્ન પણ ક્યારેક મુંજવણ કરાવે! પણ આ જ ઈશ્વરની માયા છે.પણ મોરલની રીતે જોઈએ તો ખરેખર દેવતા સ્વાર્થી કહેવાય! પોતાના જીવ પર આવે ત્યારે કંઈ પણ કરી શકાય એવી માનસિકતા ખરી! જ્યારે આજે દેવ પણ નહીં અને દાનવ પણ નહીં, અથવા બંને શ્રેણી જે પોતાનામાં સમાવીને બેઠો છે, અને એવો માનવ આજે પણ પોતાનું કામ કઢાવવા દેવ બની જાય છે, અને લાગે કે એ રીતે કામ નહીં થાય ત્યારે જબરદસ્તી કરે છે, એટલે કે દાનવ બની જાય છે. એટલે સીધી રીતે વિચારીએ તો પહેલા શત્રુ બહાર હતો, અને આજે અંદર જ છે! ક્યારે એ કયું સ્વરૂપ ધારણ કરી એ પહેલાં ખુદને અને પછી અન્યને છેતરશે એ કહી શકાય નહીં? આવાં કપરા સમયમાં આપણે દેવ પણ નહીં અને દાનવ પણ નહીં પરંતુ શ્રેષ્ઠ માનવ બનીને માનવતાનો સૌથી શ્રેષ્ઠ ધર્મ નિભાવી શકીએ અને સમગ્ર વિશ્વને વસુધૈવ કુટુંબકમની ભાવનાથી અપનાવી આ પૃથ્વી ને સ્વર્ગ બનાવી શકીએ, કુદરત કે પ્રકૃતિ જેવા નિર્મળ અને સુંદર છે, એવી જ રીતે એનું જતન કરીને, સર્વ જીવ સૃષ્ટિ ની સલામતી માટે વિચારીએ,સૌને દિવાળી કે દેવ દિવાળી જેમ સ્નેહથી સત્કારી શકીએ, અને સૌમાં એજ પરમ કૃપાળુ પરમાત્મા કે જેણે વરદાન આપતી વખતે એ દેવ છે કે દાનવ એવો ભેદ ક્યારેય નથી કર્યો એના દર્શન કરીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# હિંદ કી ચાદર કે "ભારતની ઢાલ"શીખોના નવમા ગુરુ તેગ બહાદુરજીનો શહીદી દિવસે શ્રદ્ધા સુમન અર્પણ કરીએ



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા



શીખોના નવમા ગુરુ..ગુરુ તેગ બહાદુરજીનો જન્મ પહેલી એપ્રિલ-૧૯૨૧ના અમૃતસરમાં ગુરૂ- હરગોવિંદજીના ગૃહે માતા નાનકીના કુખે થયો ત્યારે તેમનું નામ ત્યાગમલ રાખવામાં આવેલ. આ બાળક ત્યાગમલ જયારે માત્ર તેર વર્ષના હતા ત્યારે ત્યારે તેમના પિતા સાથે કરતારપુર પર હુમલો કરનાર મુગલો સામે તેઓ લડયા હતા. પિતા પુત્રની જોડી સામે મુગલસેના હારી ગઈ હતી. તેમના પિતા ગુરૂ હરગોવિંદ જીએ આ યુધ્ધમાં પુત્રની બહાદુરી જોઈને તેમને ત્યાગમલ ને બદલે તેગ બહાદુર કહીને સંબોધન કર્યું ત્યારથી તેઓ તેગ બહાદુર તરીકે જ ઓળખાયા તેગ બહાદુરે તેમના સમુદાયના લોકો માટે તેમના જીવનનું બલિદાન આપ્યું હતું.ગુરુ તેગ બહાદુરને ઘણીવાર હિંદ કી ચાદર તરીકે ઓળખવામાં આવે છે, જેનો ને અર્થ થાય છે ભારતની ઢાલ. તેમને સીધી નિઃસ્વાર્થ શહીદ માનવા માં આવે છે અને તેમની શહાદત દર વર્ષે ૨૪મી નવેમ્બરના રોજ ગુરુ તેગ બહાદુર શહીદ દિવસ તરીકે ઉજવવા માં આવે છે. ગઈકાલે ૨૪મી નવેમ્બરને શુક્રવારે આપણે તેમનો શહીદ દિન મનાવી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા. ધર્મની રક્ષા માટે પોતાનું હસતા મુખે બલિદાન આપનાર ગુરૂ તેગ બહાદુરજીના આજે જીવનમાં ઝાંખી કરી કંઈક ઉપદેશ મેળવી એ.૧૯૭૫માં દિલ્હીના ચાંદની ચોકમાં મુગલ સમ્રાટ ઔરંગઝેબ દ્વારા ગુરુ તેગ બહાદુરની હત્યા કરવામાં આવી હતી. કેલિફોર્નિયા યુનિવર્સિ ટીના નોએલ કિંગના શબ્દોમાં,ગુરુ તેગ બહાદુરની શહાદત માનવ અધિકારો માટે વિશ્વમાં પ્રથમ હતી.ઔરંગઝેબ ભારતને ઈસ્લામિક રાષ્ટ્રમાં રૂપાંતરિત કરવા માંગતો હતો,તેથી હિંદુઓને ઈસ્લામ સ્વીકારવાની ફરજ પડી. પીડેત કૃપા રામના નેતૃત્વમાં ૫૦૦ કાશ્મીરી પંડિતો નું એક પ્રતિનિધિ મંડળ ગુરુ તેગ બહાદુરની મદદ લેવા આનંદપુર સાહિબ ગયું હતું.

ઔરંગઝેબના અત્યાચારો વિશે જાણ્યા પછી, ગુરુ તેગ બહાદુરના પુત્ર ગોવિંદ રાયે કહ્યું કે ભારતના લોકોની સમસ્યાઓ હલ કરવા માટે તેમના પિતાથી વધુ સક્ષમ કોઈ નથી.ગુરુ તેગ બહાદુરને સમજાયું કે તેમનો પુત્ર હવે ગુરુની ગાદી લેવા માટે તૈયાર છે અને તેથી તેણે વધુ વિચાર કર્યા વિના પંડિતો ને ઔરંગઝેબને એ જણાવવા કહ્યું કે,જો તે ગુરુજીને ઈસ્લામમાં ફેરવવામાં સક્ષમ છે,તો દરેક વ્યકિત આ નિયમનું પાલન કરશે. ત્યાર બાદ ક્રૂર શાસક સમક્ષ ગુરુ તેગ બહાદુરની ધરપકડ કરવામાં આવી હતી અને ઈસ્લામ સ્વીકાર વાનો ઈનકાર કરવા બદલ ગુરુજી અને તેમના અનુયાયીઓને પાંચ દિવસ સુધી શારીરિક ત્રાસ આપવામાં આવ્યો હતો.તેમને આધીન થવા માટે ગુરુજીના અનુયાયીઓને તેમની સામે જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા. અંતે, મુઘલ સમ્રાટ ઔરંગ ઝેબના તમામ પ્રયાસો છતાં ગુરુ તેગ બહાદુરે ઈસ્લામનો સ્વીકાર્યો ન હતો અને તમામ અત્યાચારોનો ખૂબ જ નિશ્ચય સાથે સામનો કર્યો હતો.ગુરુ તેગબહાદુરની ધીરજ અને સંયમથી ગુસ્સે થઈને,ઔરંગ ઝેબે ચાંદની ચોક ખાતે તેમનું માથું કાપી નાખવાનો આદેશ જારી કર્યો આદિવાસી તેમને ભગવાન માને છે. ગુરુ તેગ બહાદુરે ધર્મની રક્ષા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું.વિશ્વના ઈતિહાસમાં ધર્મ તેમજ માનવીય મુલ્યો,આદર્શો, સિધ્ધાંતોની રક્ષા માટે પ્રાણની આહુતિ આપનારાઓમાં ગુરૂ તેગ બહાદુર સાહેબનું નામ અદ્વિતિય છે.ધરમ હેત સાકાર જિનિ કીઆ/સીસ દીઆ પર સીરડ ન દીઆ! આ મહાકાવ્ય અનુસાર ગુરજીનું બલિદાન ફકત ધર્મપાલન માટે જ નહી પરંતુ સમસ્ત માનવીય સાંસ્કૃતિક મુલ્યોના માટે આ બલિદાન હતું. ધર્મ તેમના માટે સાંસ્કૃતિક મુલ્યો અને જીવન વિધાનનું નામ હતું. એટલા માટે ધર્મના સત્ય શાશ્વત મુલ્યો માટે તેમનું બલિએ ચડવું એસ્વાભાવિક રીતે સાંસ્કૃતિકમુલ્યો અને ઈચ્છિત જીવન વિધાનના પક્ષમાં એક પરમ સાહસિક અભિયાન હતું.આતતાયી શાસકની ધર્મ વિરોધી અને વૈચારિક સ્વતંત્રતાનું દમન કરનાર નીતિઓની વિરુધ્ધ ગુરુ તેગ બહાદુરજીનું બલિદાન એક અભુતપૂર્વ ઐતિહાસિક ઘટના હતી. આ ગુરૂના નિર્ભય આચરણ, ધાર્મિક અડગતા અને નૈતિક ઉદારતાનું ઉચ્ચત્તમ ઉદાહરણ હતું. ગુરુજી માનવીય ધર્મ તેમજ વૈચારિક સ્વતંત્રતા માટે પોતાની મહાન શહાદત આપનાર એક ક્રાંતિકારી યુગ પુરૂષ હતા. ગુરુજીએ ધર્મના સત્ય જ્ઞાનના પ્રચાર-પ્રસાર તેમજ લોક કલ્યાણ કારી કાર્ય માટે ઘણાં સ્થળોનું ભ્રમણ કર્યું હતું. આનંદપુરથી કીરતપુર,રોષાણ સૈફાબાદના લોકોને સંયમ તેમજ સહજ માર્ગ નો પાઠ ભણાવતાં ખિઆલા (ખદલ) પહોચ્યાં. અહીંયાથી ગુરૂજી ધર્મના સત્યમાર્ગ પર ચાલવાનો ઉપદેશ આપતાં દમદમાં સાહેબથી થઈને કુરૂક્ષેત્ર પહોચ્યાં. કુરૂક્ષેત્રના યમુના કિનારે થતાં કડા માનકપુર પહોંચ્યાં અને ત્યાં સાધુ ભાઈ મલૂકદાસનો ઉદ્ધાર કયો. અહીંયાથી ગુરૂજી પ્રયાગ, બનારસ, પટના, અસમ વગેરે વિસ્તારોમાં ગયાં જયાં તેમણે લોકોના અધ્યાત્મિક,સામાજીક, આર્થિક, ઉન્નયન માટે ઘણાં બધાં રચનાત્મક કાર્યો કર્યા.આધ્યાત્મિક સ્તર પર ધર્મ નું સાચુ જ્ઞાન વહેચ્યું. સામાજીક સ્તર પર ચાલી આવી રહેલ રડિયો,અંધ વિશ્વાસોની જોરદાર આલોચના કરીને નવા સહજ જનકલ્યાણકારી આદર્શ સ્થાપિત કર્યા. તેમણે પ્રાણી સેવા તેમજ પરોપ કાર માટે કુવા બનાવ ડાવ્યાં, ધર્મશાળાઓ બનાવડાવી વગેરે લોક કલ્યાણના કાર્યો પણ ક્યાં. તે જ યાત્રાઓની વચ્ચે ૧૬૬૬માં ગુરુજીને ત્યાં પટના સાહેબમાં પુત્રનો જન્મ થયા તે દસમા ગુરૂ ગોવિંદસિહજી બન્યાં ગુરજી દરરોજ આનંદપુર સાહેબ માં આધ્યાત્મિક જ્ઞાન વહેચતાં હતાં,માનવ માત્રમાં નૈતિકતા, નિડરતા તેમજ આધ્યાત્મિક જાગૃતિનો સંદેશ આપતાં હતાં. આનંદ પુર આમ તો આનંદ ધામ જ હતું. અહીંયા પણ બધા લોકો વર્ણ,રંગ,જાતિ,સંપ્રદાયના ભેદભાવ વિના સમતા, સમાનતા તેમજ સમરસતાનું અલૌકિક જ્ઞાન પ્રાપ્ત કરતાં હતાં. ગુરુજી શાંતિ, ક્ષમા, સહનશીલતાની મૂર્તિ હતાં. તેમણે હંમેશા પ્રેમ,એકતા અને ભાઈચારાનો સંદેશ આપ્યો છે. કોઈએ ગુરુજીનું અહિત કરવાનો પ્રયત્ન પણ કર્યો હોય તો તેમણે પોતાની સહન શીલતા,મધુરતા, સૌમ્યતાથી તેને હરાવી દિધો હતો.ગુરૂજીની માન્યતા હતી કે મનુષ્ય એ કોઈથી ડરવું ન જોઈએ અને ન કોઈને ડરાવવો જોઈએ. તેઓ પોતાની વાણીમાં ઉપદેશ આપતાં હતાં કે 'ભૈ કાહુ કો દેત નહિ ! નહિ ભય માનત આન!' તેઓ નાનપણથી જ સરળ,સહજ ભકિત-ભાવ વાળા કર્મયોગી હતાં. તેમની વાણીમાં મધુરતા,સાદગી સૌજન્યતા તેમજ વૈરાગ્યની ભાવના દરેક રોમ-રોમમાં ભરી હતી તેમના જીવનનું પ્રથમ દર્શન જ હતું કે ધર્મનો માર્ગ સત્યનો માર્ગ છે અને સત્યનો હંમેશા વિજય થાય છે.૧.ગુરુ તેગ બહાદુરે ઓરંગઝેબના શાસન દરમ્યાન ઈસ્લામમાં બિનમુસ્લિમો ના જબર દસ્તી ધર્માંતરણનો વિરોધ કર્યો હતો. ૨.દિલ્હીમાં મુઘલ સમ્રાટ ઓરંગ ઝેબના આદેશ પર ૧૯૭૫માં તેમની સાર્વજનિક હત્યા કરવામાં આવી હતી.૩.દિલ્હી સ્થિત ગુરુ દ્વારા સિસ ગંજ સાહિબ અને ગુરુદ્વારા રકાબ ગંજ સાહિબ તેમના પ્રાણદંડ અને દેહ સંસ્કારના સ્થળ છે.૪. ગુરુ તેગ બહાદુરના ગુરુ તરીકે કાર્યકાળ ૧૯૯૫ થી ૧૯૭૫ સુધીનો રહ્યો.૫. ગુરુ ગ્રન્ય સાહિબમાં, ગુરુ તેગ બહાદુરના ૧૧૫ ભજનો છે.ગુરુ તેગ બહાદુર ને લોકોની નિસ્વાર્થ સેવા માટે બાદ કરવામાં આવે છે.૭. તેમણે પહેલાં શીખ ગુરુ-ગુરુ નાનકના ઉપદેશોને લોકો સુધી પહોંચાડવા માટે દેશ ભરમાં યાત્રા કરી હતી.૮.ગુરુ તેગ બહાદુર જ્યાં પણ ગયા, સ્થાનિક લોકોએ સામુદાયિક રસોઈ અને કૂવા બનાવ્યા.૯.આનંદપુર સાહેબ પ્રસિદ્ધિ પવિત્ર શહેર અને હિમા લય સટા એક વૈશ્વિક પર્યટક આક ર્ષણ સ્થળ,ગુરુ તેગ બહાદુર દ્વારા સ્થાપિત કરવામાં આવ્યું હતું. ચોવીસમી નવેમ્બર એટલે શીખો ના નવમા ગુરુ તેગ બહાદુરજીનો ત્રણસોને અડતાલીસમો શહાદત દિન આજના દિવસે તેમનું સ્મરણ કરી હદયાંજલી અર્પણ કરીએ.



# મોનોકિનીમાં નેહા મલિકે સોશિયલ મીડિયા પર મચાવી ધૂમ

## ભોજપુરી અભિનેત્રી નેહા મલિકે હાલમાં જ પોતાની તસવીરોથી સોશિયલ મીડિયા પર આગ લગાવી દીધી છે

। મુંબઈ, તા.૨૪ ।

નેહા મલિક ભોજપુરી જગતની ગ્લેમરસ અને બોલ્ડ અભિનેત્રીઓમાંની એક છે. આ દિવસોમાં અભિનેત્રી સોશિયલ મીડિયા પર પોતાની તસવીરો શેર કરતી રહે છે. આ જોઈને ચાહકોના દિલ ધડકતા રહે છે. હવે તેણે હાલમાં જ તેની એક પોસ્ટ શેર કરી છે જેમાં નેહા બુર્જ ખલીફાની સામે એન્જોય કરતી જોવા મળી રહી છે. નેહા મલિકની તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પરની આ તસવીરો ધૂમ મચાવી રહી છે. તાજેતરની તસવીરો સ્વિમિંગ પૂલની છે જે બુર્જ ખલિફાની સામે જ દેખાય છે. નેહાની સાથે સાથે તસવીરોનું બેકગ્રાઉન્ડ પણ જોવા જેવું છે. નેહા



મલિકના આ અંદાજે ફરી એકવાર ચાહકોને તેના પર પ્રેમ વરસાવવા માટે મજબૂર કરી દીધા છે. તસવીરોમાં તેણે ફુલ સ્લીવ્ઝ સાથે મોનોકિની પહેરી છે. અભિનેત્રી પ્રિન્ટેડ મોનોકિનીમાં અલગ-અલગ પોઝ આપતી જોવા મળે છે. નેહા તેના મનમોહક પોઝ દ્વારા લોકોને નિંદ્રા વિનાની રાતો આપી રહી છે. લુકની વાત કરીએ તો નેહાએ તેના લુકને કમ્પ્લીટ કરવા માટે બ્લેક કલરના સનગ્લાસ પહેર્યા છે. તેની ઓપન હેર સ્ટાઈલ લોકોને તેના પ્રેમમાં પડી રહી છે. અભિનેત્રીને ન્યૂડ મેકઅપમાં જોઈને ચાહકો પણ ક્રેઝી થઈ ગયા છે. નેહાની આ તસવીરોને ફેન્સ તરફથી સતત કોમેન્ટ્સ અને લાઈક્સ મળી રહી છે. તમને જણાવી દઈએ કે આ પહેલીવાર નથી જ્યારે નેહા મલિકે પોતાની સ્ટાઈલથી લોકોના દિલને ઘાયલ કરી રહી હોય. આ પહેલા પણ તે પોતાની બોલ્ડ તસવીરોથી ફેન્સનું દિલ જીતતી રહી છે. નેહાનું લેટેસ્ટ ફોટોશૂટ ઝડપથી વાયરલ થઈ રહ્યું છે.



**અમિતાભ બચ્ચને પુછ્યો કેમેસ્ટ્રીનો સવાલ**

# અભિનેતા અમિતાભ બચ્ચન ગુગલ બોયના ફેન થઈ ગયા

## ૮ વર્ષનો ગુગલ બોય વિરાટ અય્યર બિગ બી અમિતાભ બચ્ચનના શો કૌન બનેગા કરોડપતિમાં જોવા મળ્યો હતો

। મુંબઈ, તા.૨૪ ।

બિગ બી અમિતાભ બચ્ચનનો શો 'કૌન બનેગા કરોડપતિ' હંમેશા ચર્ચામાં રહે છે. પરંતુ આ વખતે શો અલગ હતો. કારણ કે ગુગલ બોય અમિતાભ બચ્ચનની સામે હોટ સીટ પર હતો. છત્તીસગઢના ભિલાઈના વિરાટ અય્યરને ગૂગલ બોય તરીકે ઓળખવામાં આવે છે.

તે માત્ર આઠ વર્ષનો છે. વિરાટ કોહલીની જેમ આઠ વર્ષના વિરાટે પણ પરફોર્મ કર્યું હતું. પરંતુ છેલ્લી ક્ષણે તે મૂંઝવણમાં ફસાઈ ગયો હતો. તે એક કરોડના પ્રશ્ને પહોંચી ગયો. એક પછી એક સવાલનો સાચો જવાબ આપ્યો. આ કારણે તે એક કરોડ જીતવાના અંતિમ તબક્કામાં હતો. પરંતુ તેમને એક કરોડ માટે ખૂબ જ મુશ્કેલ પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. તે સમયે અમિતાભ બચ્ચને તેમને પૂછ્યું. 'તમે છોડવા માંગો છો'? વિરાટે કહ્યું- 'ના સર, હું તેના વિશે વિચારીશ.' પરંતુ વિરાટ એક કરોડ જીતી શક્યો નહીં. અમિતાભ બચ્ચને એક કરોડ માટે કેમિસ્ટ્રીનો પ્રશ્ન પૂછ્યો હતો. અમિતાભ બચ્ચને પૂછ્યું કે, 'આવર્ત કોષ્ટકમાં પરમાણુ ક્રમાંક ૯૬ અને ૧૦૯ ધરાવતા બે તત્વોમાં શું વિશેષ છે?' તેમને નીચેના વિકલ્પો આપવામાં આવ્યા હતા. આ સવાલ પર વિરાટ મુશ્કેલીમાં આવી ગયો. તે છ કે B વિશે મૂંઝવણમાં હતો. તેણે લાંબા સમય સુધી વિચાર્યા પછી જવાબ છ ને લોક કર્યો. પણ આ જવાબ ખોટો હતો. આ પ્રશ્નનો સાચો જવાબ ૪ હતો. જેના કારણે વિરાટને ૧ કરોડને બદલે ૩ લાખ ૨૦ હજાર રૂપિયા મળ્યા. આ શો ૨૧ અને ૨૨ નવેમ્બરે પ્રસારિત થયો હતો. પરંતુ આ કાર્યક્રમમાં બિગ બી અમિતાભ બચ્ચન છોકરાના ફેન બની ગયા હતા.

**ગંગુબાઈ કાઠિયાવાડીમાં તેના દમદાર અભિનય માટે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવી હતી**

# GQ મેન ઓફ ધ યર ઈવેન્ટમાં બોલ્ડ લુકમાં પહોંચી આલિયા



। મુંબઈ, તા.૨૪ ।

અભિનેત્રીએ મુંબઈમાં સેન્ટ રેજીસ હોટેલ ખાતે જીક્યુની મેન ઓફ ધ યર ઈવેન્ટમાં હાજરી આપી હતી. આ ઈવેન્ટમાં આલિયા ખૂબ જ બોલ્ડ લુકમાં જોવા મળી હતી, જેની તસવીરો તેણે તેના ઈન્સ્ટાગ્રામ પર શેર કરી હતી. જો કે, આલિયાને આ સમયગાળા દરમિયાન પેપ્સે આલુ જી...આલુ જી કરીને બુમો પાડી. જોકે આ સાંભળીને આલિયા હસવા લાગી હતી. જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. બોલિવૂડમાં પોતાની અલગ ઓળખ બનાવી ચૂકેલી આલિયા ભટ્ટ તેના ફેશન સેન્સને લઈને પણ ઘણી ફેમસ છે. આલિયા ભટ્ટ માત્ર તેના અભિનય માટે જ નહીં પરંતુ તેની સ્ટાઈલ માટે પણ ચર્ચામાં રહે છે. તાજેતરમાં, અભિનેત્રીને 'ગંગુબાઈ કાઠિયાવાડી'માં તેના દમદાર અભિનય માટે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવી હતી. જે બાદ આલિયા ભટ્ટ તાજેતરમાં જ મુંબઈની સેન્ટ રેજીસ હોટેલમાં ૫ઊની મેન ઓફ યર ઈવેન્ટમાં બેહદ બોલ્ડ લુકમાં જોવા મળી હતી. અભિનેત્રીએ મુંબઈમાં સેન્ટ રેજીસ હોટેલ ખાતે જીક્યુની મેન ઓફ ધ યર ઈવેન્ટમાં હાજરી આપી હતી. આ ઈવેન્ટમાં આલિયા ખૂબ બોલ્ડ લુકમાં જોવા મળી હતી, જેની તસવીરો તેણે તેના ઈન્સ્ટાગ્રામ પર શેર કરી હતી. જો કે, આલિયાને આ સમયગાળા દરમિયાન પેપ્સે આલુ જીપ આલુ જી કરીને બુમો પાડી. જોકે આ સાંભળીને આલિયા હસવા લાગી હતી. આ ઈવેન્ટ માટે આલિયાએ મરૂન મિની જમ્પસૂટ પસંદ કર્યો છે.

**સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ**



# મિર્ઝાપુર ૩ને લઈ ચાહકો ખુબ જ ઉત્સાહિત છે

। મુંબઈ, તા.૨૪ ।

મિર્ઝાપુર ૩ને લઈ ચાહકો ખુબ ઉત્સાહિત છે. સુત્રોનું માનીએ તો આ વેબ સિરીઝ આ વર્ષે એમેઝોન પ્રાઈમ વીડિયો પર સ્ટ્રીમ થઈ શકે છે. હાલમાં જ્યારે પંકજ ત્રિપાઠીએ લાઈવ આવીની જાહેરાત કરી હતી. ત્યારે ચાહકોને આશા હતી કે, તે મિર્ઝાપુર ૩ વિશે વાત કરશે. પરંતુ ઓએમજી ૨ એક્ટર લાઈવ આવી ભુલી ગયા કે તે કેમ લાઈવ આવ્યા હતા. તમને જણાવી દઈએ કે, પહેલી સીઝનથી જ મિર્ઝાપુરે ચાહકોના દિલમાં સ્થાન બનાવી લીધું છે પરંતુ શું તમે જાણો છો,લોકોની ફેવરિટ વેબ સિરીઝનું શુટિંગ રિયલ મિર્ઝાપુરમાં થયું જ નથી. સિરીઝનું નામ ભલે મિર્ઝાપુર છે પ રંતુ સ્ટોરી એક ફિક્શન પર બની છે. મેકર્સે કહ્યું કે,આ અસલી મિર્ઝાપુરની સ્ટોરી નથી. આ કારણે તેમણે ક્યારે પણ મિર્ઝાપુરમાં શુટિંગ કર્યું નથી પરંતુ કાલ્પનિક સ્ટોરી ભદોહી અને મિર્ઝાપુરને ધ્યાનમાં રાખી લખવામાં આવી છે.

# રોમાન્સ, રિવેન્જ અને એક્શનથી ભરપૂર છે દિલ્હીનો સુલતાન



। મુંબઈ, તા.૨૪ ।

OTT પર ફરી એકવાર ગેંગસ્ટર સિરીઝનો ટ્રેન્ડ શરૂ થયો છે અને તેમાંથી એક છે મિલન લુથરિયાની 'સુલતાન ઓફ દિલ્હી' હોટસ્ટાર પર રિલીઝ થઈ છે. 'વન્સ અપોન અ ટાઈમ ઈન મુંબઈ' જેવી ફિલ્મો કરી અને બોક્સ ઓફિસ પર ધૂમ મચાવનારા આ પ્રખ્યાત નિર્દેશક વેબ સિરીઝની દુનિયામાં ડેબ્યૂ કર્યું છે. આ જ કારણ છે કે આ સિરીઝે લોકોમાં ઉત્સુકતા જગાડી છે. આ જોયા પછી આપણે કહી શકીએ કે અર્નબ રેના પુસ્તક પર આધારિત 'દિલ્હીનો સુલતાન' આપણને જરાય નિરાશ કરશે નહીં. આમ જોવા જઈએ તો સિરીઝની સ્ટોરી આપણા માટે કંઈ અલગ નથી છતાં પણ તે મિલન લુથરાનું દિગ્દર્શન હોય કે કલાકારોની શાનદાર અભિનય, આ સિરીઝ લોકોને અંત સુધી વ્યસ્ત રાખે છે. આ એક ગેંગસ્ટર ડ્રામા છે જે રોમાન્સ, બદલો અને એક્શનથી ભરપૂર છે. પાકિસ્તાનમાં રહેતા અર્જુન ભાટિયા (તાહિર રાજ ભસીન)ની આ વાત કરવામાં આવી છે.

# બિગ બોસ ૧૭ના ઘરમાં ઓરીની થઈ વાઈલ્ડકાર્ડ એન્ટ્રી



। મુંબઈ, તા.૨૪ ।

બિગ બોસ ૧૭ના ઘરમાં લોકો સન્માન સાથે પ્રવેશે છે, પરંતુ તમે આ શોમાં પહેલીવાર કોઈ અઢળક સામાનની સાથે પ્રવેશ કરી રહ્યું છે' જી હા, તે બીજુ કોઈ નહી પણ બોલિવુડ સેલેબ્સનો બેસ્ટી ઓરી અવાત્રામણી છે તમને જણાવી દઈએ કે બિગ બોસ ૧૭માં ઓરીની એન્ટ્રીને લઈને ચર્ચાઓ થઈ રહી હતી જોકે નવા આવેલા પ્રોમોમાં જોઈ શકાય છે કે ઓરી વાઈલ્ડકાર્ડ તરીકે ઘરમાં પ્રવેશ કરવા જઈ રહ્યો છે. કલર્સ ટીવીના રિયાલિટી શો 'બિગ બોસ'ના હોસ્ટ સલમાન ખાને ખુદ ઓરી એટલે કે ઓરહાન અવત્રામણીનું સ્વાગત કરતા જોવા મળી રહ્યા છે બિગ બોસમાં ગેસ્ટ તરીકે આવેલા ઓરી બીજા કનટેસ્ટન્ટની જેમ અહી સ્પર્ધક તરીકે આવ્યો છે જો કે ઘરમાં રહેવા માટે ઓરી તેની સાથે સામાનની એક નહી, બે નહી,પણ પાંચ મોટી બેગ લઈને ઘરમાં પ્રવેશ કરી રહ્યો છે. ઓરીની શોમાં એન્ટ્રી બાદ રાખી સાવંતના નામની પણ ભારે ચર્ચા ચાલી રહી છે એમ પણ કહેવામાં આવી રહ્યું છે બિગ બોસના ઘરમાં રાખી તેના બન્ને એક્સ હસબન્ડ સાથે જોવા મળી શકે છે. બિગ બોસ ૧૬'થી અંતર જાળવી રાખનાર 'ડ્રામા ક્વીન' રાખી સાવંત ૨ વર્ષ બાદ ફરી બિગ બોસમાં પ્રવેશ કરવા જઈ રહી છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ રાખી સાવંત અને તેના બંને પૂર્વ પતિ બિગ બોસ ૧૭ના ઘરમાં એન્ટ્રી કરવા જઈ રહ્યા છે. વાસ્તવમાં, રાખી સાવંત પહેલા તેના પૂર્વ પતિ રિતેશ સિંહ સાથે કલર્સ ટીવીના રિયાલિટી શોમાં એન્ટ્રી કરશે જે બાદ આ સ્ટોરીને વધુ મસાલેદાર બનાવવા માટે મેકર્સ આદિલ ખાન દુરાની ને પણ શોમાં સામેલ કરશે. વાસ્તવમાં, હાલમાં રાખી સાવંતની એન્ટ્રીને લઈને 'બિગ બોસ' સાથે વાતચીત ચાલી રહી છે. રાખી ઈચ્છે છે કે આદિલ આ શોનો ભાગ ન બને. પરંતુ મેકર્સ તેમને એ સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે કે આ શોના કન્ટેન્ટ માટે આદિલ માટે રાખી અને રિતેશની સાથે બિગ બોસના ઘરમાં પ્રવેશ કરી શકે છે. જો કે આ સાથે અંજલિ અરોરા, રાખી સાવંત અને તેના પતિની સાથે, પૂનમ પાંડેનો



**રણબીર કપૂરની ફિલ્મ એનિમલનું ટ્રેલર થયું રિલીઝ**

# રશ્મિકા મંદાના રેડ-બ્લેક આઉટફિટમાં લાગી સુંદર



। મુંબઈ, તા.૨૪ ।

રણબીર કપૂરની આગામી ફિલ્મ એનિમલનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ટ્રેલરમાં રણબીરનું જોરદાર એક્શન જોવા મળે છે અને અનિલ કપૂરનું પાત્ર પણ ખૂબ જ મજબૂત છે. રશ્મિકા મંદાના તેમજ રણબીર કપૂરની અપકમિંગ ફિલ્મ એનિમલનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. જેમાં બોબી દેઓલ પણ જોવા મળી રહ્યો છે. ફિલ્મ એનિમલના ટ્રેલર લોન્ચ વખતે કલાકારો તેમજ ફિલ્મના ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગા, ટી-સિરીઝના મેનેજિંગ ડિરેક્ટર ભૂષણ કુમાર અને અન્ય લોકો પણ જોવા મળ્યા હતા. ટ્રેલર રિલીઝ વખતે નેશનલ ક્રશ સાઉથ એક્ટ્રેસ લાઈમલાઈટમાં રહી હતી. રેડ એન્ડ બ્લેક સાડીમાં ઝલવો બતાવ્યો હતો. સંદીપ રેડ્ડી વાંગા દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં રણબીરનો લુક ફેન્સને ઘણો પ્રભાવિત કરી રહ્યો છે. એનિમલ દ્વારા અભિનેતા પ્રથમ વખત સાઉથની પ્રખ્યાત અભિનેત્રી રશ્મિકા મંદન્ના સાથે સ્ક્રીન શેર કરતો જોવા મળશે. ફેન્સ આ ક્રાઈમ થ્રિલરની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. ટ્રેલર જોયા બાદ લોકોમાં ફિલ્મને લઈને ઉત્સાહ વધે તેવું લાગી રહ્યું છે.

# ઝાલોદ નગરમાં બાબા શ્યામના જન્મોત્સવ નિમિતે બાબા શ્યામના જય જયકાર સાથે શ્યામ હવેલી ગુંજી ઉઠી

## બાબા શ્યામના જન્મોત્સવ નિમિતે ભક્તો દ્વારા કેક કાપી લખદાતારને શુભેચ્છા આપવામાં આવી

| પંકજ પંડિત ઝાલોદ, તા.૨૪ |



ઝાલોદ નગરમાં બાબા શ્યામનો જન્મોત્સવ તારીખ ૨૩-૧૧-૨૦૨૩ ગુરુવારના રોજ ધૂમધામ પૂર્વક કરવામાં આવી હતી. બાબા શ્યામના જન્મોત્સવ નિમિત્તે બાબા શ્યામના જન્મોત્સવ નિમિતે શ્યામ હવેલી ખાતે ધામધૂમ પૂર્વક કરવામાં આવી હતી. સવારથી જ બાબા શ્યામના મંદિરે મોટા પ્રમાણમાં બાબા શ્યામના ભક્તો મોટા પ્રમાણમાં દર્શનાર્થે ઉમટી પડેલ હતા. આખા દિવસ દરમ્યાન બાબા શ્યામના મંદિરે દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓની લાંબી લાઈન લાગી હતી. બાબા શ્યામના જન્મોત્સવ નિમિત્તે શ્યામ પ્રેમીયોમાં ખુશી જોવા મળતી હતી. બાબા શ્યામના જય જયકાર સાથે આખું ગગન ગુંજી ઉઠયું હતું. આખા મંદિરના પ્રાંગણમાં શીશ કે દાની કી જય, શ્યામ પ્યારે કી જય જેવા જયકારા સાથે ભક્તો બાબા શ્યામને જન્મોત્સવની શુભકામનાઓ આપ તા જોવા મળતા હતા.

બાબા શ્યામના જન્મોત્સવ નિમિતે શ્યામ હવેલી ફૂલો, ફુગ્ગારા, લાઈટીંગ થી સુશોભિત જોવા મળતી હતી. બાબા શ્યામની હવેલીનો નજારો ધરતી પરના સ્વર્ગ જેવું લાગતું હતું. અલૌકિક રીતે સજાવેલ મંદિરની સજાવટ જોઈ સહુ ભક્તોને બાબા શ્યામ સાક્ષાત્કાર નજરની સામે હોય તેવો આભાસ ભક્તોને થઈ રહેલ હતો. બાબા શ્યામને જન્મોત્સવની શુભેચ્છા આપવા રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના શ્યામ ભક્તો મોટા પ્રમાણમાં જોવા મળતા હતા. શ્યામ જન્મોત્સવ નિમિતે શ્યામ હવેલીને સજાવવા માટે શ્યામ શ્યામ પરિવારના સહુ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

બાબા શ્યામના જન્મોત્સવ નિમિત્તે શ્યામ પરિવાર દ્વારા જયપુરથી બોલાવવામાં આવેલ ભજન કલાકાર દ્વારા શ્યામ ભજનનું રસપાન શ્યામ પ્રેમીયોને કરાવવામાં આવ્યું હતું. બાબા શ્યામની અખંડ જ્યોત દર્શનનો લાભ ઉપસ્થિત સહુ ભક્તોએ લીધો હતો. સાથે સાથે ભજનની સાથે શ્યામ ભક્તો શ્યામ હવેલીના પ્રાંગણમાં નાચતા ઝૂમતા જોવા મળતા હતા. રાત્રે બારના ટકોરે શ્યામ હવેલીની બહાર ફટાકડાની ભવ્ય આતશબાજી કરવામાં આવી હતી. સહુ ભક્તોએ ભેગા થઈ બાબા શ્યામને માવાનો કેક કાપી જન્મ દિવસની શુભેચ્છા આપી હતી. છેલ્લે સહુ ભક્તોએ ભેગા થઈ બાબા શ્યામની આરતી કરી પ્રસાદ બાબા શ્યામની જય જય કાર કરી છૂટા પડ્યા હતા.







સંતોષ જોશી બૂરોઈન ચીફ સંતરામપુર, તા.૨૪

સંતરામપુર ખાતે ગુજરાત સરકારના આદિજાતિ વિભાગ પ્રાથમિક માધ્યમિક પ્રોઢ શિક્ષણ કેબિનેટ મંત્રી શ્રી ડૉ. પ્રો. કુબેર ભાઈ ડીંડોર ના અધ્યક્ષ સ્થાને સંતરામપુર તાલુકાનો રવિકૃષિ મેળો સંતરામપુર ના પ્રતાપપુરા મેદાન ખાતે યોજાયો હતો. જેમા તાલુકા માંથી સેંકડો ની સંખ્યામાં ઉપસ્થિત ખેડૂત ભાઈઓ-બહેનો ને રવિપકો ની જાણકારી ના સ્ટોલ અને નિર્દેશન મારફતે માર્ગદર્શન પુરુ પાડ્યું સાથે કૃષિ યુનિવર્સિટી માંથી ઉપસ્થિત કૃષિ વૈજ્ઞાનિક શ્રિઓ એ માહિતી પૂરી પાડી. ત્યારે આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી ભાવિનભાઈ પંડયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચંદ્રકાન્ત પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારી જે. આર. પટેલ,સંતરામપુર તાલુકા મંડળ ના પ્રમુખશ્રી બળવંત ભાઈ પટેલીયા ,સંતરામપુર તાલુકા પંચાયત ના પ્રમુખ શ્રી હરેશભાઈ વળવાઈ, સંતરામપુર તાલુકા મહામંત્રી શ્રી છગનભાઈ માલ, મહામંત્રી શ્રી ભરતભાઈ પટેલ, ન્યાય સમિતિના ચેરમેન શ્રી લલીતાબેન, સંતરામપુર મામલતદારશ્રી, સંતરામપુર તાલુકા વિકાસ અધિકારીશ્રી જૈમિનીબેન પટેલ, સહીત પાર્ટીના કાર્યકર્તાઓ, સરપંચશ્રીઓ અને મોટીસંખ્યામા ખેડૂત ભાઈઓ અને ગ્રામ જનો ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં પી.એમ. સ્વનિધિ યોજનાના લાભાર્થી શેરી-ફેરિયાઓ માટે સ્નેહ મિલન સમારંભ યોજાયો

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલ પી.એમ.સ્વનિધિ યોજના થકી અનેક શેરી ફેરિયાઓ આત્મનિર્ભર બન્યા

| અમદાવાદ, તા.૨૪ |



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પી.એમ. સ્વનિધિ યોજના અંતર્ગત શેરી ફેરિયાઓ માટે સ્નેહ મિલન સમારંભનું આયોજન કરાયું હતું. પી.એમ. સ્વનિધિ યોજના અંતર્ગત ગુજરાતમાં અત્યાર સુધી કુલ ૪.૧૦ લાખ શેરી ફેરિયાઓને પ્રથમ, દ્વિતિય અને તૃતિય લોન મળી કુલ રૂ.૭૦૩.૭૨/- કરોડ રૂપીયાની લોન આપવામાં આવી છે. રાજ્યની તમામ મહાનગરપાલિકા દ્વારા લક્ષ્યાંકને પુર્ણ કરાયા છે. અમદાવાદ નગરપાલિકા ૧.૧૪ લાખ શેરી ફેરીયાઓને લોન આપી પ્રથમ ક્રમે રહી છે. પી.એમ. સ્વનિધિ યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા આપવામાં આવેલ લક્ષ્યાંક ૧૦૦% પુર્ણ કરી ગુજરાત રાજ્ય સમગ્ર ભારતમાં દ્વિતિય સ્થાન ધરાવે છે.

આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા covid-19 થી અસરગ્રસ્ત શેરી ફેરીયાઓ તેમની આજીવિકા માટે તેમનો વ્યવસાય શરુ કરી શકે તે હેતુથી શેરી ફેરીયાઓને વર્કીંગ કેપિટલ લોન અપાવવા 'PM stre[a] Vendors Atma Nirbhar Nidhi (PM SVANidhi) યોજના લાગુ કરવામાં આવી છે. પી.એમ.સ્વનિધિ યોજના થકી લોન મેળવી શેરી ફેરિયાઓ તેમના વ્યવસાયમાં વૃધ્ધિ કરી આત્મનિર્ભર બની રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત શેરી ફેરીયાના ૫ રિવાર્જનોને નૂતન વર્ષ નિમિતે શુભકામના પાઠવી જણાવ્યું હતું કે, સ્નેહમિલન એ પરિવારજનો સાથે ઉજવાય તે આપણી સંસ્કૃતિ રહી છે.

પી.એમ. સ્વનિધિયોજના દ્વારા શેરી ફેરીયાઓને પ્રથમ રૂ.૧૦,૦૦૦/- સુધીની વર્કીંગ કેપીટલ લોન મળવા પાત્ર છે, જે પુર્ણ થયેથી દ્વિતિય લોન રૂ.૨૦,૦૦૦/- અને ત્યારબાદ તૃતિય લોન રૂ.૫૦,૦૦૦/-ની મળવા પાત્ર છે. જેમાં કોઈપણ પ્રકારની સીક્યુરીટી આપવાની રહેતી નથી. સમયસર કે વહેલા લોનની ભરપાઈ પર વાર્ષિક ૭% વ્યાજ સહાય લાભાર્થીના બેંક ખાતામાં સરકાર દ્વારા હ્મ્મારફતે જમા કરવામાં આવે છે. તેમજ શેરી ફેરીયાઓ દ્વારા કરવામાં આવતા ડીજીટલ ટ્રાન્જેક્શન ઉપર વાર્ષિક મહત્તમ રૂ.૧૨૦૦/- કેશ બેક મળવા પણ પાત્ર છે.

યોજનાઓના લાભાર્થિઓની આત્મનિરભર્તા અને તેમના જીવન સ્તરમાં આવેલ બદલાવ અંગે સંવાદ સાધવા, તેનાથી માહિતગાર થવા પી.એમ. સ્વનિધિ અંતર્ગત 'સ્વનિધિ સે સમૃધ્ધિ' કાર્યક્રમ અમલમાં મુકાયો છે. તેના ભાગ અમદાવાદ ખાતે રૂપે 'પી.એમ.સ્વનિધિ સ્નેહ મિલન' કાર્યક્રમ યોજાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ૩૧ ડીસેમ્બર સુધી અમદાવાદ મહાનગરપાલિકામાં ૪, સુરત મહાનગરપાલિકામાં ૪, વડોદરા મહાનગર પાલિકામાં ૨, રાજકોટ મહાનગરપાલિકામાં ૨, ભાવનગર મહાનગરપાલિકામાં ૧, જામનગર મહાનગરપાલિકામાં ૧, જુનાગઢ મહાનગર પાલિકામાં ૧ તથા ગાંધીનગર મહાનગર પાલિકામાં ૧ એમ કુલ મળી ૧૬ કાર્યક્રમો યોજાશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નાનામાં નાનો માણસ આર્થિક રીતે પગભર બને તે દિશામાં સરકાર કાર્ય કરી રહી છે. ફેરિયાઓ અને લારી ગલ્લા ધારકોને બેંકમાંથી લોન લેવી મુશ્કેલ અને બહારથી વ્યાજે પૈસા લેવા પણ અતિ મુશ્કેલ કામ હોય છે ત્યારે તમામ શેરી ફેરિયાઓ માટે પી.એમ.સ્વનિધિ યોજના એક આદર્શ યોજના પુરવાર થઈ છે.

# દેડિયાપાડા તાલુકાના પાટડી અને સાબુટી ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા પહોંચતા ગામલોકો દ્વારા ભવ્ય સ્વાગત કરાયું

| દેડિયાપાડા, તા.૨૪ |



વિકસિત ભારત સંકલ્પ યાત્રા હાલ નર્મદા જિલ્લાના નાંદોદ અને દેડિયાપાડાના ગામોમાં પરિભ્રમણ કરી રહી છે. આ યાત્રા દેડિયાપાડા તાલુકાના પાટડી અને સાબુટી ગામે પહોંચતા ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ રથ દ્વારા સરકારશ્રીએ આદિજાતિ વિસ્તારોમાં લાગુ કરેલી પ્રજાલક્ષી યોજનાઓ-કાર્યોની ઝાંખી, યોજનાકીય બેનરો, પેમ્પ્લેટ થકી સરકારશ્રીની સિદ્ધિઓ-ઉપલબ્ધીઓ અંગેના સાહિત્ય વિતરણ કરીને લોકજાગૃતિ લાવવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ગામમાં યાત્રાના આગમન પ્રસંગે સ્થાનિક આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સરકારના વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીશ્રીઓએ ગામ લોકોને આ વિકસિત ભારત સંકલ્પ યાત્રા થકી સૌના કલ્યાણની યાત્રામાં ભાગીદાર બનવા અપીલ કરી હતી. આ કાર્યક્રમ વેળાં ઉપસ્થિત સૌ નાગરિકોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થવા તેમજ વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવામાં પોતાની ભાગીદારી નોંધાવવાના સંકલ્પ પણ લીધા હતા. કાર્યક્રમના સ્થળે આરોગ્ય વિભાગ દ્વારા યોજાયેલા કેમ્પનો ગામલોકોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો.

બંને ગામોમાં કાર્યક્રમ સ્થળે આંગણવાડી કાર્યકર બહેનોએ પોષણયુક્ત આહારનું નિદર્શન સ્ટોલ, ટેક હોમ રાશન થકી સગર્ભા-ધાત્રી માતા, બહેનો, કિશોરીઓ, બાળકોના પોષણ માટે અતિઆવશ્યક પોષણયુક્ત આહાર વિશે નાગરિકોને માહિતગાર કરી તૃણ ધાન્યોનું સ્ટોલ પ્રદર્શન યોજી મિલેટ્સ અંગે લોકોમાં જાગૃતિ લાવવાનો સરાહનીય પ્રયાસ કર્યો હતો.

# લીમડી નગરના રાધાકૃષ્ણ મંદિરની આજુબાજુ ચાલતી માંસ મટનની દુકાનો તંત્ર દ્વારા દૂર કરવામાં આવી

| ઝાલોદ, તા.૨૪ |



ઝાલોદ તાલુકાના લીમડી નગરના ડબગરવાસમાં શ્રી રાધેકૃષ્ણ ભગવાનનું મંદિર આવેલ છે, તેની આસપાસ ઘણા સમયથી અહીંયાં માંસ-મટનની દુકાનો ચલાવવામા આવતી હતી, અને આ દુકાનોને હટાવવા માટે નગરજનો દ્વારા અવારનવાર વહીવટી તંત્ર પાસે માંગણી કરવામાં આવેલ હતી.

આ સંઘર્ષની ગાથા ચાલીશ વર્ષ જૂની છે, છેલ્લા ચાર વર્ષથી આ દુકાનો હટાવવા માટે નગરના આગેવાનો દ્વારા વહીવટી તંત્ર સાથે વાતચીત કરી, વિવિધ રજૂવાતો કરી હતી. આ વિસ્તારના આગેવાનો એવા બળવંત ખોડ, પ્રવીણ કલાલ, લોકેશ દવે, શૈલેષ માળી, કમલેશ ચૌહાણ, ઉત્કર્ષ શર્મા, ચિરાગ નિનામા, જીતુ ગારી અને અન્ય પ્રખ્યાત નામી અનામી કાર્યકરો દ્વારા માસ મટનની દુકાનો અને ત્યાં થતી ગંદકી એટલે કે ત્યાં વસતા લોકોની માસ મટનની દુકાનો દૂર કરવા માટે વહીવટી અધિકારીઓ સમક્ષ મુદ્દો ઉઠાવ્યો હતો. લાંબા સમય થી ચાલી રહેલ મંદિર પાસે ની આ સમસ્યા આજે લીમડી ગામના ધર્મપ્રેમી યુવાનોની ધીરજ યુદ્ધની જીત થઈ વહીવટી અધિકારીઓ તંત્ર દ્વારા માસ મટનની દુકાનો ત્યાંથી ખસેડવામાં આવી અને મંદિરનું આજે ખાત મુહૂર્ત શિલાન્યાસ વિધિ કરવામાં આવી હતી.

# ડેડીયાપાડાના પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ વન મંત્રી મોતિસિંહ વસાવાએ ભરુચ લોકસભાની ચૂંટણી લડવાની વ્યક્ત કરી ઈચ્છા

| દીપક જગતાપ રાજપીપળા, તા.૨૪ |

છેલ્લા કેટલાક વખતથી ભરૂચના સાંસદ મનસુખ વસાવા અને ડેડીયાપાડાના આપના ધારાસભ્ય ચૈતર વસાવા વચ્ચે લોકસભાની ચૂંટણી લડવા બાબતે શાબ્દિક પ્રહારો શરૂ થયાં છે.

સાંસદ મનસુખ વસાવા છેલ્લા ૬ ટર્મથી ભરૂચ લોકસભા માં ભાજપાના ઉમેદવાર તરીકે સતત ચૂંટાતા આવ્યા છે.અને આગામી લોકસભાની ચૂંટણી પણ મનસુખ વસાવા લડવાના છે એવી જાહેરાત કરી ચુક્યા છે.

જયારે બીજી તરફ સાંસદ મનસુખ વસાવાની સામે ડેડીયાપાડાના આપના ધારાસભ્ય ચૈતર વસાવા પણ ચૂંટણી લડવાના મૂડમાં છે ત્યારે ડેડીયાપાડાના પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ વન મંત્રી મોતિસિંહ વસાવાએ ભરુચ લોકસભાની ચૂંટણી લડવાની વાત કરતા ભરુચ નર્મદાના રાજકારણમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. મોતિસિંહ વસાવાએ ભરુચ લોકસભાની ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરીછે એ વાત લઈને ભાજપાના જ બે ઉમેદવારોની દાવેદારી ભરુચ નર્મદાના રાજકારણમાં ભર શિયાળે રાજકીય ગરમાવો આવી ગયો છે. મોતીસિંહ વસાવાએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે હું ભરુચ લોકસભા લડવા મોવડી મંડળ પાસે ટિકિટ માંગીશ. એ માટે નાંદોદના ધારાસભ્ય ડો દર્શનાબેન દેશમુખ સહીત આદિવાસી સમાજનું પણ સમર્થનમળશે એમ જણાવ્યું હતું.બીજી તરફ આપના ધારાસભ્ય ચૈતર વસાવા પણ ભરુચ લોકસભાં લડવાના હોવાથી મોતિસિંહ આદિવાસી વોટમાં ગાબડું પાડશે એવી ભાજપાની ગણતરી છે.

# પોરબંદર જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું સ્વાગત



| પોરબંદર, તા.૨૪ |

રાજ્યના છેવાડાના નાગરિકો સુધી સરકારી યોજનાના લાભ પહોંચાડવાના હેતુથી સમગ્ર ગુજરાત રાજ્યમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અન્વયે કુતિયાણા તાલુકાના બીલડી ગામે આજથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. બિલડી ગામે આવેલા વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનો પદાધિકારીશ્રી-અધિકારીશ્રીઓ તેમજ ગ્રામજનોએ ઉત્સાહભેર સ્વાગત કર્યું હતું. આ તકે બિલડી ગામ ખાતે આવેલા રથ થકી સૌ ગ્રામજનો અને ઉપસ્થિતોએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેકોર્ડ કરોલો વિકસિત ભારત સંકલ્પ અન્વયે પ્રજાજોગ સંદેશો સાંભળ્યો હતો. સૌ ઉપસ્થિતોએ વિકસિત ભારત સંકલ્પ પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે કેન્દ્ર તથા રાજ્ય સરકારની અનેકવિધ યોજનાઓ ના લાભાર્થીઓને લાભાન્વિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કુતિયાણા તાલુકા વિકાસ અધિકારીશ્રી આર. એલ. ડગરા સહિત પદાધિકારીઓ, અધિકારીઓ સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડજી ગુજરાતની મુલાકાતે

# અમદાવાદ એરપોર્ટ પર ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડજીનું ઉષ્માસભર સ્વાગત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

| અમદાવાદ, તા.૨૪ |



ગુજરાત પ્રવાસે આવેલા ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડજીનું અમદાવાદ એરપોર્ટ પર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉષ્માસભર સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા, અમદાવાદ શહેરનાં મેયર સુશ્રી પ્રતિભાબેન જૈન, રાજ્યના મુખ્ય સચિવ શ્રી રાજ કુમાર, જીએડીના અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દયાણી, રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાય, અમદાવાદ પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક, મુખ્ય પ્રોટોકોલ ઑફિસર શ્રી જ્વલંત ત્રિવેદી, કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે. વગેરે મહાનુભાવોએ તેમનું સ્વાગત કરી અભિવાદન કર્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ખાસ કરીને હૃદયરોગના દરદીઓએ કૉફી છોડી દેવી. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારા જીવનમાં જેમનું સૌથી વધુ મહત્વ છે એવા લોકોને તમારી વાત સમજાવવામાં તમને સૌથી વધુ મુશ્કેલી થશે. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. તમારી નવી યોજનાઓ અને સાહસો વિશે ભાગીદારો ઉત્સાહિત હશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. સમજદારીપૂર્વક રોકાણ કરો. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે. સાવધાન રહેજો કેમ કે આજે પ્રેમમાં પડવું એ તમારી માટે અપવિત્ર બાબત બની શકે છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. સાંજે બાળકો સાથે થોડો આનંદદાયક સમય વિતાવજો. રોજેરોજ પ્રેમમાં પડતા રહેવાના તમારા સ્વભાવને બદલો. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. નવી બાબત પર ધ્યાન કેન્દ્રિત કરો અને તમારા ખાસ મિત્રની મદદ લો. તમને આજે પ્રેમની સુંદર ચોકલેટના સ્વાદ માણવા મળશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. આજે રૉમાન્સ માટે ગૂંચવણભર્યું જીવન છોડો. પ્રેમ અમર્યાદિત છે, પ્રેમ બેશુમાર છે, તમે આ વતો પહેલા પણ સાંભળી હશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. પ્રેમીઓ પારિવારિક લાગણીઓ પ્રત્યે ખૂબ જ વિચારશીલ બનશે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો? તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે એ સંદેશ તમારે તમારા પ્રિયપાત્રને જરૂર પહોંચાડવો જોઈએ.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે આજે તમે જે કેટલાક ભોતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. તમારૂં બાળક જેવું તથા નિદોર્ષ વર્તન પારિવારિક સમસ્યા ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. મિત્રો સાથે કશુંક ઉત્સાહજનક અને મનોરંજક કરવાનો દિવસ. કોઈક ખાસ વ્યક્તિનું ધ્યાન તમે તમારી તરફ ખેંચી શકશો-જો તમે તમારા ગ્રુપ સાથે રહેશો તો. તમારે નિરાશાથી પીડાશો-કેમ કે જે નામ-પ્રતિષ્ઠા તથા વળતરની તમને અપેક્ષા હતી.



**કુંભ (ગ,શ,સ) :**


આજના દિવસે તાણની અવગણના કરતા નહીં. તે ઝડપ થી તંબાકુ અને આલ્કોહૉલ જેવો રોગચાળો બની રહ્યું છે. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો? નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે. તમે પ્રથમ નજરે જ પ્રેમમાં પડો એવી શક્યતા છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે.

# કેરળ કોંગ્રેસે પેલેસ્ટાઇનના સમર્થનમાં યોજી રેલી



## કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક મળી હતી, જેમાં પેલેસ્ટાઈનનો ઉલ્લેખ કરીને ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો

। નવી દિલ્હી, તા.૨૪ ।

ઈઝરાયલ અને પેલેસ્ટાઈનના ઉગ્રવાદી સંગઠન હમાસ વચ્ચેના યુદ્ધ વચ્ચે કોંગ્રેસે ગુરુવારે (૨૩ નવેમ્બર) એક રેલી યોજી હતી.કેરળના કોઝિકોડમાં યોજાયેલી પેલેસ્ટાઈન એકતા રેલીમાં કોંગ્રેસના સાંસદ શશિ થરૂર અને કેસી વેણુગોપાલ સહિત ઘણા નેતાઓ હાજર રહ્યા હતા. રેલી દરમિયાન કેસી વેણુ ગોપાલે કહ્યું કે પાર્ટીનો ઠરાવ કહે છે કે અમે પેલેસ્ટાઈનની સાથે છીએ. જ્યારે શશિ થરૂરે કેન્દ્રની મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. વાસ્તવમાં તાજેતરમાં કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક મળી હતી. જેમાં પેલેસ્ટાઈનનો ઉલ્લેખ કરીને ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. કોંગ્રેસના ઠરાવમાં લખવામાં આવ્યું હતું કે, CWC મધ્ય પૂર્વમાં ફાટી નીકળેલા યુદ્ધ અને એક હજારથી વધુ લોકોના નુકસાન પર તેની પીડા વ્યક્ત કરે છે. CWC પેલેસ્ટિનિયન લોકોના જમીન, સ્વ-શાસન અને સ્વ-સન્માન અને ગૌરવ સાથેના જીવનના અધિકારો માટેના તેના લાંબા સમયના સમર્થનને પુનરાવર્તિત કરે છે. કેસી વેણુગોપાલે કહ્યું હતું કે અમારો ઠરાવ કહે છે કે અમે પેલેસ્ટાઈનની સાથે છીએ.

આપણે મુક્ત પેલેસ્ટાઈન માટે વાટાઘાટોને ટેકો આપવાની જરૂર છે. ભારતે યુએનના ઠરાવ પર એ પ્રસ્તાવ પર મતદાન ના કર્યું જેનાથી ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધમાં યુદ્ધવિરામ થઈ શક્યો હોત. કોંગ્રેસ નેતા શશિ થરૂરે કહ્યું કે પાર્ટી પર આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે ચૂંટણીના કારણે અમે ઈઝરાયલ અને પેલેસ્ટાઈનના મુદા પર બોલી રહ્યા નથી. હું સ્પષ્ટ કરવા માંગુ છું કે ચૂંટણી પ્રચાર દરમિયાન સોનિયા ગાંધીએ ૩૦ ઓક્ટોબરે આ બાબતે એક ઓપિનિયન પીસ લખ્યો હતો. પ્રિયંકા ગાંધીએ પણ પ્રચાર દરમિયાન આ બાબતનો ઉલ્લેખ કર્યો છે. તેમણે વધુમાં કહ્યુ કે આ મામલે મોદી સરકારની વિદેશ નીતિ ભારતની જૂની વિદેશ નીતિથી અલગ છે. મહાત્મા ગાંધીના દેશે યુએનના ઠરાવ પર મતદાન કર્યું ન હતું. નોંધનીય છે કે ઈઝરાયલ અને હમાસ વચ્ચે ૭ ઓક્ટોબરથી યુદ્ધ ચાલી રહ્યું છે. અલ જઝીરાના રિપોર્ટ અનુસાર ગાઝામાં યુદ્ધમાં ૧૪ હજાર ૫૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે હમાસના હુમલાને કારણે ઈઝરાયલમાં ૧ હજાર ૨૦૦થી વધુ લોકોના મોત થયા છે.

### કતાર કોર્ટે સ્વીકારી ભારતની અરજી

# મોતની સજા પામેલા નેવીના આઠ પૂર્વ અધિકારીઓને રાહતની આશા

## ભારતીય નૌકાદળના પૂર્વ જવાનોની અપીલ સ્વીકારી લીધી છે અને આ કેસની આગામી સુનાવણી ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે

। નવી દિલ્હી, તા.૨૪ ।

ગયા વર્ષે કતારમાં ધરપકડ કરવામાં આવેલા ઈન્ડિયન નેવીના આઠ પૂર્વ કર્મચારીઓને ૨૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ કતારની કોર્ટે મોતની સજા આપી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, કતાર કોર્ટે મૃત્યુદંડની સજા પામેલા ભારતીય નૌકાદળના પૂર્વ જવાનોની અપીલ સ્વીકારી લીધી છે અને આ કેસની આગામી સુનાવણી ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે. આ અપીલ ભારત સરકાર દ્વારા દાખલ કરવામાં આવી હતી. કતારની એક કોર્ટે ગુરુવારે (૨૩ નવેમ્બર) અપીલના દસ્તાવેજો સ્વીકાર્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, કોર્ટ અપીલનો અભ્યાસ કરી રહી છે અને આગામી સુનાવણી ટૂંક સમયમાં થવાની અપેક્ષા છે.



ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ જણાવ્યું હતું કે ભારતે આ નિર્ણય સામે "પહેલેથી જ અપીલ દાખલ કરી છે". ગયા વર્ષે ૨૫ ઓક્ટોબરે મીતુ ભાર્ગવ નામની મહિલાએ ટ્વીટ કર્યું હતું કે ઈન્ડિયન નેવીના આઠ ભૂતપૂર્વ અધિકારીઓ કતારની રાજધાની દોહામાં ૫૭ દિવસથી ગેરકાયદેસર અટકાયતમાં છે. મીતુ ભાર્ગવ કમાન્ડર પૂર્ણેન્દુ તિવારીની બહેન છે. આ અધિકારીઓ પર ઈઝરાયેલ માટે જાસૂસી કરવાનો આરોપ છે. કતારની ન્યૂઝ વેબસાઈટ અલ-જઝીરાના રિપોર્ટ અનુસાર, આ અધિકારીઓ પર ઈઝરાયલને કતારના સબમરીન પ્રોજેક્ટ સાથે જોડાયેલી માહિતી આપવાનો આરોપ છે. જો કે, કતાર સરકાર તરફથી આ ભૂતપૂર્વ અધિકારીઓ પર લગાવવામાં આવેલા આરોપો અંગે ભારત સરકાર દ્વારા કોઈ ચોક્કસ માહિતી શેર કરવામાં આવી નથી. નેવીમાંથી નિવૃત્ત થયેલા આ તમામ અધિકારીઓ દોહા સ્થિત અલ-દહરા કંપનીમાં કામ કરતા હતા. આ કંપની ટેક્નોલોજી અને કન્સલ્ટન્સી સેવાઓ પૂરી પાડતી હતી. તેણે કતારની નૌકાદળને તાલીમ અને સાધનસામગ્રી પણ પૂરી પાડી હતી. આ કંપની ઓમાનની એરફોર્સમાંથી નિવૃત્ત સ્ક્વોડ્રન લીડર ખમીસ અલ આઝમીની છે. ગયા વર્ષે આ ભારતીયોની સાથે તેમની પણ ધરપકડ કરવામાં આવી હતી. જો કે નવેમ્બરમાં તેને મુક્ત કરવામાં આવ્યો હતો. મોતની સજા પામેલા આઠ ભૂતપૂર્વ નેવી અધિકારીઓના નામ છે - કેપ્ટન સૌરભ વશિષ્ઠ, કમાન્ડર પૂર્ણેન્દુ તિવારી, કેપ્ટન બિરેન્દ્ર કુમાર વર્મા, કમાન્ડર સુગુનાકર પકાલા, કમાન્ડર સંજીવ ગુપ્તા, કમાન્ડર અમિત નાગપાલ અને રાજેશ છે. આ તમામ ભૂતપૂર્વ અધિકારીઓએ ભારતીય નૌકાદળમાં ૨૦ વર્ષ સુધી સેવા આપી હતી. નેવીમાં તેઓનો કાર્યકાળ દોષરહિત રહ્યો છે અને તેઓ મહત્વના હોદ્દા પર સેવા આપી ચૂક્યા છે.

# બાયોલોજી વિષય નહીં ભણ્યા હોય તેઓ પણ ડોક્ટર બની શકશે

## નેશનલ મેડિકલ કમિશનએ જાહેર કરેલી લેટેસ્ટ ગાઈડલાઈનમાં આ બાબતની સ્પષ્ટતા કરવામાં આવી

। નવી દિલ્હી, તા.૨૪ ।

ધોરણ ૧૨માં જે સ્ટુડન્ટે બાયોલોજીનો વિષય નહીં રાખ્યો હોય અને મેથ્સ, ફિઝિક્સ અને કેમિસ્ટ્રી સાથે બારમું ધોરણ પાસ કર્યું હશે તેઓ પણ હવે ડોક્ટર બની શકશે. ધોરણ ૧૦ ૨માં બાયોલોજીનો સબ્જેક્ટ ભણ્યા નહીં હોય તેમણે કોઈ પણ માન્યતાપ્રાપ્ત બોર્ડમાંથી ૧૦ ૨ લેવલ પર એક વધારાના સબ્જેક્ટ તરીકે બાયોલોજી/બાયોટેક્નોલોજી રાખીને પરીક્ષા પાસ કરવાની રહેશે.

નેશનલ મેડિકલ કમિશન (એનએમસી) એ જાહેર કરેલી લેટેસ્ટ ગાઈડલાઈનમાં આ બાબતની સ્પષ્ટતા કરવામાં આવી છે. તેના કારણે મેડિકલમાં વધારે વિદ્યાર્થીઓને તક મળી શકશે. NMCએ જાહેર કરેલી એક પબ્લિક નોટિસમાં જણાવાયું છે કે જે ઉમેદવારોએ ધોરણ ૧૨ પાસ કર્યા પછી જરૂરી વિષયો - ફિઝિક્સ, કેમિસ્ટ્રી, બાયોલોજી/બાયોટેક્નોલોજીનો અભ્યાસ કર્યો હોય, તેમાં એડિશનલ સબ્જેક્ટ તરીકે પણ આ વિષય ભણ્યા હશે તો NEET-UGની ટેસ્ટ આપી શકશે. દેશભરમાં MBBS અને BDSના કોર્સમાં એડમિશન માટે NEET-UGની એક્ઝામ લેવાય છે.

આવા ઉમેદવારોને વિદેશમાં અંડરગ્રેજ્યુએટ મેડિકલ કોર્સ કરવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ પણ મળશે જે NMC દ્વારા આપવામાં આવતો કાનૂની પૂરાવો હોય છે. નેશનલ મેડિકલ કમિશનની આ જાહેરાતના કારણે ધોરણ ૧૨માં બાયોલોજી રાખ્યું ન હોય પરંતુ આગળ મેડિકલમાં જવાની ઈચ્છા હોય તેવા ઉમેદવારોને મોટી રાહત મળશે. તેમણે માત્ર એક માન્યતાપ્રાપ્ત બોર્ડમાંથી વધારાના સબ્જેક્ટ તરીકે બાયોલોજી રાખીને પરીક્ષા પાસ કરવાની રહેશે.

### તેલંગણામાં ૩૦ નવેમ્બરે મતદાન

# કારમાં પાંચ કરોડ કેશ લઈ જતા તેલંગણામાંથી 3 જબ્બે

। હૈદરાબાદ, તા.૨૪ ।

તેલંગાણામાં વિધાનસભા ચૂંટણી માટે ૩૦ નવેમ્બરે મતદાન થવાનું છે. આ દરમિયાન ચૂંટણી પ્રચાર વખતે ગુરુવારે પોલીસે રંગારેડ્ડીના ગચ્ચીબાઉલીથી એક કારમાં ૫ કરોડ રૂપિયાની રોકડ મળી આવી છે. જ્યારે કારચાલકને આ રોકડ વિશે પૂછવામાં આવ્યું તો તે કોઈ હિસાબ ન આપી શક્યો. પોલીસે આ મામલે ૩ લોકોની અટકાયત કરી હતી. પોલીસે જણાવ્યું કે વાહન ચેકિંગ દરમિયાન એક કારમાં બે સુટકેસ મળી આવ્યા હતા. જ્યારે તેને ખોલીને જોયા તો પોલીસના હોશ જ ઊડી ગયા. પોલીસે રોકડ જપ્ત કરી અને તેને આવકવેરા વિભાગને સોંપી દીધી. અગાઉ ચૂંટણીપંચે જણાવ્યું હતું કે ૫ રાજ્યોમાં ચૂંટણીની જાહેરાત બાદથી અત્યાર સુધીમાં આશરે ૧૭૬૦ કરોડ રૂપિયાની બેહિસાબી રોકડ જપ્ત કરી લેવામાં આવી હતી. આ રકમ ૨૦૧૮માં આ પાંચ રાજ્યોમાં મળી આવેલી રોકડ કરતાં ૭ ગણી વધુ છે. ચૂંટણીપંચ રાજ્ય અને કેન્દ્રીય તપાસ એજન્સીઓ સાથે મળીને આ પ્રકારની કાર્યવાહીને અંજામ આપે છે. માહિતી અનુસાર ચૂંટણીની જાહેરાત બાદથી મધ્યપ્રદેશ, મિઝોરમ, છત્તીસગઢ, તેલંગાણા અને રાજસ્થાનમાંથી ૧૭૬૦ કરોડ રુપિયા જપ્ત કરાયા હતા. જોકે ૨૦૧૮માં આ રકમ ૨૩૯.૧૫ કરોડ રૂપિયા હતી.

### પેલેસ્ટાઈનના ડોક્ટરોનો ચોંકાવનારો દાવો

# યુએન દ્વારા સંચાલિત શાળા પર કરાયેલા ઈઝરાયેલના હુમલામાં ૩૦થી વધુનાં મોત

## ઉત્તર ગાઝાના જબાલિયા શરણાર્થી કેમ્પને ઈઝરાયલી સૈન્યએ નિશાન બનાવ્યું, ૯૩ જેટલાં લોકો ઘાયલ

। ગાઝા, તા.૨૪ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ હવે ગંભીર તબક્કામાં પ્રવેશી ગયું છે. યુદ્ધવિરામ અણીએ આવી ગયું છે તેમ છતાં ઈઝરાયલ દ્વારા ગાઝા પટ્ટી પર તાબડતોબ હવાઈ હુમલા કરવામાં આવી રહ્યા છે જેના લીધે ગાઝા પટ્ટીમાં પેલેસ્ટિનીઓનો મૃતકાંક ૧૪૫૩૨ને વટાવી ગયાનો દાવો કરાયો છે. આ દરમિયાન પેલેસ્ટાઈનના ડૉક્ટરોએ દાવો કર્યો હતો કે ગાઝામાં સંયુક્ત રાષ્ટ્રની રાહત તથા કાર્ય એજન્સી (યુએનઆરડબલ્યુએ) દ્વારા સંચાલિત અબુ હુસૈન સ્કૂલ પર ઈઝરાયલ દ્વારા હવાઈ હુમલા કરાયા હતા. માહિતી અનુસાર આ હવાઈ હુમલામાં લગભગ ૩૦થી વધુ લોકોના મોત થયા છે જ્યારે ૯૩ જેટલાં ઘાયલ હોવાની માહિતી મળી રહી છે. ગાઝા પટ્ટીના ડૉક્ટરે નામ ન જાહેર કરવાની શરતે જણાવ્યું કે ઉત્તર ગાઝાના જબાલિયા શરણાર્થી કેમ્પને ઈઝરાયલી સૈન્યએ નિશાન બનાવ્યું હતું. આ ગાઝા પટ્ટીના સૌથી મોટા શરણાર્થી કેમ્પ પૈકી એક છે. તેની અંદર જ અબુ હુસૈન સ્કૂલ આવેલી હતી જ્યાં ઈઝરાયલી સૈન્યએ હુમલો કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ઈઝરાયલી સૈન્ય દ્વારા હમાસના લડાકૂઓને નિશાન બનાવીને સતત હવાઈ હુમલા કરવામાં આવી રહ્યા છે. જેમાં ઘણી વાર તો હોસ્પિટલ કે પછી સ્કૂલ કે મસ્જિદને નિશાન બનાવવામાં આવી હતી. તાજેતરના કેસમાં જબાલિયા શરણાર્થી કેમ્પમાં આશ્રય મેળવવા આવેલા હજારો પેલેસ્ટિનીઓ પર હવાઈ હુમલાની માહિતી મળી છે. આ ઉપરાંત ઉત્તર ગાઝામાં ઈન્ડોનેશિયાઈ હોસ્પિટલ ઉપર પણ નવા હુમલા કરાયા હતા.

**વિશેષ લેખ** — રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં પારડીમાં જિલ્લા કક્ષાનો રવિ કૃષિ મહોત્સવ યોજાયો

# કૃષિનો વિકાસ ૧૦ ટકા ઉપર રહ્યો છે, ગુજરાત ખેતીની સાથે ઉદ્યોગ ક્ષેત્રે પણ સમૃધ્ધ બન્યું : મંત્રી કનુભાઈ દેસાઈ

ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આયોજિત રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩નો વલસાડ જિલ્લા કક્ષાનો કાર્યક્રમ રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં પારડીના મોરારજી દેસાઈ હોલમાં યોજાયો હતો.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે ગુજરાતનું સુકાન સંભાળ્યું ત્યારથી કૃષિનો વિકાસ ૧૦ ટકા ઉપર રહ્યો છે. ગુજરાત કૃષિ અને ઉદ્યોગમાં સમૃધ્ધ રહ્યું છે. ખેડૂતોએ જમીનમાં બિયારણ કયુ વાપરવુ, ખાતર કયુ વાપરવુ, જમીનની ફળદ્રુપતા કેવી છે? તેની માહિતી મળી રહે તે માટે ગામડે ગામડે જઈ સોઈલ હેલ્થ કાર્ડના લાભ ખેડૂતોને જણાવ્યા હતા, નરેન્દ્રભાઈની દીઘર્દ્રષ્ટીના કારણે ગુજરાતમાં ડેરી ઉદ્યોગ પણ ફૂલ્યો ફાલ્યો છે, દૂધ મંડળીનું સંચાલન કરી બહેનો આત્મનિર્ભર બની રહી છે.

મંત્રીશ્રીએ અનાજ વિશે કહ્યું કે, કોરોના કાળથી છેલ્લા ૩ વર્ષથી એનએફએસએ રેશન કાર્ડ ધારકોને નિ:શુલ્ક અનાજ મળે છે અને આગામી સમયમાં પણ મળતુ રહેશે તેવી જાહેરાત વડાપ્રધાનશ્રીએ કરી છે. જેના પરથી એવુ સ્પષ્ટ કહી શકાય કે, આપણો દેશ કૃષિ ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યો છે. જેના થકી ફ્રીમાં અનાજ પુરી પાડવામાં સફળતા મળી રહી છે. કૃષિ ક્ષેત્રે થતુ નુકસાન અટકાવવા માટે આવી રહેલી નવી નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી ખેડૂતો આત્મનિર્ભર બની રહ્યા છે. ડ્રોન ટેક્નોલોજીથી નેનો યુરિયાના ઓછામાં ઓછા છંટકાવથી વધુ સારી રીતે ખેતી કરી શકાય છે. દેશની વસ્તી વધી રહી છે ત્યારે ખેડૂતોએ અનાજનું ઉત્પાદન વધારવુ અનિવાર્ય બન્યુ છે. અનાજની તંગી વર્તાઈ તે પહેલા ખેડૂતોએ સજ્જ રહેવુ જોઈએ.

ખેડૂતોના વિકાસ માટે સરકાર દ્વારા થતી કામગીરી અંગે મંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ ગંગા નદીના પાંચ કિમી સુધીના બંને કિનારે પ્રાકૃતિક ખેતી કરાશે એવી જાહેરાત કરી છે. પ્રાકૃતિક ખેતી વર્તમાન સમયની જરૂરીયાત છે. વર્ષ ૨૦૧૪માં વડાપ્રધાન બન્યા બાદ નરેન્દ્રભાઈએ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ ખેડૂતોને પ્રતિ વર્ષ રૂ. ૬૦૦૦ની સહાય સીધા બેંક ખાતામાં મળે છે. નર્મદા નદીના પાણી છેક કચ્છ સુધી પહોંચાડતા કચ્છ સમૃધ્ધ બન્યુ છે. ગુજરાત સરકારે પાણીની સાથે વીજળીની સમસ્યા પણ હલ કરી છે. ૨૪ કલાક વીજળી આપતુ હોય એવુ ગુજરાત ભારતનું એકમાત્ર રાજ્ય છે. વીજળી અને ખાતરમાં ખેડૂતોને સબસિડી પણ મળે છે.

આ મહોત્સવમાં ખેતીવાડી, પશુપાલન અને બાગાયત ખાતાની યોજનાઓના મંજૂરી પત્રો અને સહાય હુકમ ૧૨ લાભાર્થીને વિતરણ કરાયા હતા. જ્યારે આત્મા પ્રોજેક્ટ દ્વારા ૭ ખેડૂતોનું બેસ્ટ આત્મા



ફાર્મર તરીકે મંત્રીશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કૃષિ પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન, પશુ આરોગ્ય કેમ્પ, સેવાસેતુ તેમજ સહકારી પ્રવૃત્તિઓની રૂપરેખા ખેડૂતોને આપવામાં આવી હતી. સરકારની પ્રજાલક્ષી યોજનાના વિવિધ ખાતાના ૩૦ સ્ટોલની મંત્રીશ્રીએ મુલાકાત લઈ ખેડૂતો સાથે વાર્તાલાપ કર્યો હતો. ઉપસ્થિત સૌએ અમદાવાદ ખાતે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યુ હતું. કૃષિ ક્ષેત્રે થયેલા વિકાસ, સ્માર્ટ ફોન, ડ્રોન ટેકનોલોજી અને સરકારની યોજનાનું મહત્વ દર્શાવતી ફિલ્મ લોકોએ નિહાળી હતી. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ, જિલ્લા પંચાયતના સભ્ય મુકેશભાઈ પટેલ, પારડી તાલુકા પંચાયતના પ્રમુખ દક્ષેશભાઈ પટેલ, જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી મનીષ ગુરવાની, પારડી પ્રાંત અધિકારી અંકિત ગોહિલ, નાયબ બાગાયત નિયામક નિકુંજ પટેલ અને પારડી તાલુકા સંગઠનના પ્રમુખ મહેશભાઈ દેસાઈ સહિત પદાધિકારી-અધિકારીઓ અને ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સ્વાગત પ્રવચન જિલ્લા ખેતીવાડી અધિકારી એ.કે.ગરસિયાએ કર્યું હતું. આભારવિધિ મદદનીશ ખેતી નિયામક સુનિલ પટેલે કરી હતી, જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન અંબાચ પ્રાથમિક શાળાના શિક્ષક જગદીશભાઈ આર.પટેલે કર્યુ હતું.



### ઝાડ પરથી પડેલુ પાંદડુ ખાતરમાં પરિણમે છે પણ પ્લાસ્ટીક ૧૦૦ વર્ષે પણ તેવુ જ રહેવાથી નુકસાન કરે છે

કોલકના પ્રગતિશીલ ખેડૂત અમિતભાઈ મકરાણીએ પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું કે, પ્રકૃતિનો નિયમ છે કે, પાંદડુ ઝાડ પરથી પડે તો તે ખાતરમાં પરિણમે છે પણ માણસે બનાવેલું પ્લાસ્ટિક ૧૦૦ વર્ષ પછી પણ તેમનું તેમ જ રહે છે. પ્રકૃતિ સાથે જોડાવવું હવે અનિવાર્ય બન્યું છે કારણ કે રોગનું પ્રમાણ વધી રહ્યું છે. ખેતરમાં પોષક તત્વનું કામ અળસિયા કરે છે પણ રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો ઉપયોગ કરી ખેડૂતના મિત્ર ગણાતા અળસિયાનો નાશ થઈ રહ્યો છે. જેથી ચેતી જવાની જરૂર છે, પ્રાકૃતિક ખેતી સમયની માંગ છે.





અમદાવાદમાં ચાલી રહેલ હેરીટેજ વીકમાં રાત્રે ભદ્રના કિલ્લાને લાઈટીંગથી સજાવાયો હતો.

## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદથી કોલ કરીને અમેરિકાના લોકો સાથે છેતરપિંડી

। અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદમાં ગેરકાયદે ચલાવતા કોલ સેન્ટરો પર સી બી આઈએ તવાઈ બેલોવી છે. અમદાવાદ ખાતેથી કોલ સેન્ટરો ચલાવી વિદેશના નાગરિકોને ટાર્ગેટ કરતા છેતરપિંડીકારો પર CBIએ કાર્યવાહી કરી છે. અત્રે જણાવીએ કે, CBIએ કોલ સેન્ટર કંપનીના ૧૩ સંચાલકો સામે ફરિયાદ નોંધી છે. અમદાવાદમાં કોલ સેન્ટને લઈ CBI એક્શન મોડમાં જોવા મળી રહી છે. CBIએ કોલ સેન્ટર કંપનીના ૧૩ સંચાલકો સામે ફરિયાદ નોંધી છે. IP એડ્રેસ અને ટેકનીકલ સર્વલન્સના આધારે તપાસ માટે વિશેષ ટીમ પણ બનાવાઈ છે. કોલ સેન્ટર ચલાવીને અમેરિકાના નાગરિકોને ટેક્ષ ભરવાના નામે રૂપિયા ૧૫૭ કરોડની છેતરપિંડી આચરી છે. જે કોલ સેન્ટર કંપનીના ૧૩ જેટલા સંચાલકો સામે સીબીઆઈએ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ૧૧ મુસાફરોથી ભરેલી રીક્ષા ૧૦ ફૂટ ઊંડા ખાડામાં ખાબકી, ૨ના મોત, ૮ ઘાયલ

। વલસાડ, તા.૨૪ ।

રાજ્યમાં માર્ગ અકસ્માતની સંખ્યા સતત વધતી જાય છે. વાહન ચલાવવામાં બેદરકારી, વાહનમાં ખામી, ખરાબ રસ્તા સહિતના અનેક કારણો માર્ગ અકસ્માત પાછળ જવાબદાર છે. માર્ગ અકસ્માત ના થાય તે માટે તો ઘણી સલાહ આપવામાં આવે છે, પરંતુ વર્તમાનમાં વધતા કિસ્સાઓ પરથી જણાઈ રહ્યું છે જે આ પગલાઓ કેટલાંક કિસ્સાઓમાં વ્યર્થ સાબિત થઈ રહ્યાં છે. ફરી એક કમકમાટી ભર્યા અકસ્માતની ઘટના વલસાડથી સામે આવી છે. ધરમપુરના રાજપુરી જંગલ ગામે રિક્ષા પલટી મારી છે. ધરમપુરના રાજપુરી જંગલ ગામે રિક્ષા પલટી મારી નાંખતા ૧૧ મુસાફરો ભરેલી રિક્ષા ૧૦ ફુટ ખાડામાં ખાબકી ગઈ હતી. જેમ રિક્ષાએ પલટી મારતા ૨ મુસાફરના કમકમાટી ભર્યા મોત થયા છે.

### ભાવનગર-જેતલસર ટ્રેન જૂનાગઢ સુધી લંબાવાઇ

। અમરેલી, તા.૨૪ ।

જૂનાગઢમાં ગિરનારની લીલી પરિક્રમાનો પ્રારંભ થયો છે. ત્યારે પરિક્રમામાં આવતા યાત્રાળુઓની સુવિધા માટે રેલ્વે વિભાગે મહત્વનો નિર્ણય લીધો છે. ગિરનારની લીલી પરિક્રમાને લઈ ભાવનગર - જેતલસર ટ્રેનને ૨૪.૧૧.૨૦૨૩ થી ૨૭.૧૧.૨૦૨૩ સુધી જૂનાગઢ સ્ટેશન સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. જૂનાગઢથી જેતલસર વચ્ચે દોડતી પરિક્મા મેળા સ્પેશિયલ ટ્રેનમાં સુપરફાસ્ટ ચાર્જ લેવામાં આવશે. પરિક્મા મેળા સ્પેશિયલ ટ્રેન ભાવનગર-જેતલસર-જૂનાગઢ (૦૯૫૬૬/૦૯૫૬૫ & ૦૯૨૨૮/૦૯૨૨૭) ભાવનગરથી જૂનાગઢ જતી પરિક્રમા મેળા સ્પેશિયલ ટ્રેન ભાવનગરથી ૦૪:૪૦ કલાકે ઉપડશે અને ૦૯:૧૫ કલાકે જૂનાગઢ પહોંચશે. તેવી જ રીતે વળતી દિશામાં જૂનાગઢથી ભાવનગરની સ્પેશિયલ ટ્રેન જૂનાગઢથી ૦૯.૩૫ કલાકે ઉપડશે અને ૧૪.૧૦ કલાકે ભાવનગર પહોંચશે.

### મંદિરમાં VIP દર્શનને લઇ ફરી વિવાદ


## અંબાજીમાં મહિલાને ડ્રેસ પર સાડી પહેરાવી ગર્ભગૃહ સુધી લઇ જતા વિવાદ

### ગુરુવારે મહિલાએ ગર્ભગૃહમાં જઇ દર્શન કરતાં વિવાદ શરૂ થયો છે અધિકારીઓએ જુગાડ કર્યાનું અનુમાન

। બનાસકાંઠા, તા.૨૪ ।

યાત્રાધામ અંબાજીમાં મંદિરના વહિવટદારે એક દિવસ પહેલા જ મંદિરમાં VIP દર્શનની કોઈ વ્યવસ્થા ન હોવાનો દાવો કર્યો હતો. અને કોંગ્રેસના આક્ષેપને ખોટા ગણાવ્યા હતા. ત્યારે અંબાજી મંદિરમાં VIP દર્શન મુદ્દે ફરી વિવાદ સામે આવ્યો છે. મંદિર ટ્રસ્ટે મંદિરના ગર્ભગૃહમાં જઈ થતાં દર્શન બંધ કર્યા હતા. જો કે, ગુરુવારે મહિલાએ ગર્ભગૃહમાં જઈ દર્શન કરતાં વિવાદ શરૂ થયો છે. અધિકારીઓએ જુગાડ કર્યાનું અનુમાન

VIP દર્શન કરાવવા અધિકારીઓએ જુગાડ કર્યાનું અનુમાન સામે આવ્યો છે. મહિલાએ ડ્રેસ પર સાડી પહેરી દર્શન કર્યા હોવાનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. પંજાબી ડ્રેસ પર સાડી પહેરાવી મહિલાને પ્રવેશ અપાયો હોવાની માહિતી સામે આવી છે. અંબાજીમાં VIP દર્શનને લઈ ફરી વિવાદ વકરે તેવી સ્થિતી સર્જાઈ છે. અત્રે જણાવીએ અગાઉ પણ મંદિરના વહીવટી તંત્ર પર VIP દર્શનને લઈ આક્ષેપ કરાયો હતો. અત્રે જણાવીએ કે, અગાઉ પણ મંદિરના પાછળના ભાગેથી VIP ભક્તોને એન્ટ્રી અપાતી હતી. VIP દર્શનનો મામલે વીટીવીએ રિયાલીટી ચેક કર્યું હતું. જેમાં મંદિરના ગર્ભગૃહમાં મોટી સંખ્યામાં લોકો દર્શન કરી રહ્યા હતા. એટલું જ નહીં માતાજીના



ગર્ભગૃહમાં જીન્સ અને ટીશર્ટ પહેરીને કેટલીક મહિલાઓ દર્શન કરતી પણ જોવા મળી હતી, આ તમામ લોકો ૫ હજાર રૂપિયા આપીને દર્શન કરવા ગર્ભગૃહમાં પ્રવેશ્યા હોવાનો દાવો થઈ રહ્યો હતો. ૫ હજારમાં અંબાજી મંદિરમાં VIP દર્શન થતાં હોવાનો કોંગ્રેસ પ્રવક્તાએ દાવો કર્યો ત્યારે વહીવટદાર તેમને ખોટા સાબિત કરવામાં તૂલ્યા હતા. પરંતુ ફરી એકવાર વીઆઈપી દર્શનનો મુદ્દો ઉઠ્યો છે. વહીવટદાર બીજું જુઠ્ઠાણું એવું બોલ્યા હતા કે, દિવ્યાંગો અને વૃદ્ધ માતા-પિતાને આ રીતે દર્શન કરાવવામાં આવે છે. પરંતુ અહીં તો એકપણ દિવ્યાંગ કે, વૃદ્ધ ન જોવા મળ્યા. જેના પરથી વહીવટદારોની ભૂમિકા પણ શંકાના ઘેરામાં છે.

### કૃષિ પેદાશો પલળે નહીં તેની વ્યવસ્થા કરાઇ

## વરસાદની આગાહીના પગલે ગુજરાતના માર્કેટ યાર્ડોમાં તકેદારીના પગલા લેવાયા

### ખેડૂતોને તેમનો પાક બચાવવા માટે કૃષિ વિભાગ દ્વારા સૂચના આપવામાં આવી છે

। અમદાવાદ, તા.૨૪ ।

રાજ્યના જુદા-જુદા વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહીને પગલે રાજ્યના માર્કેટ યાર્ડોમાં તકેદારીના પગલા લેવાઈ રહ્યા છે. ખેડૂતોના પાક વરસાદમાં પલળે નહીં તે માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. બોટાદ માર્કેટ યાર્ડના સંચાલકોએ ખેડૂતોને સૂચના આપી શકે છે. બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાંથી આવી રહેલા ભેજના કારણે આજથી રાજ્યના વાતાવરણમાં પલટો આવશે .અમદાવાદ સહિત રાજ્યના વિવિધ વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવો વરસાદ પડવાની હવામાન વિભાગે આગાહી કરી છે. ત્યારે ખેડૂતોને તેમનો પાક બચાવવા માટે કૃષિ વિભાગ દ્વારા સૂચના આપવામાં આવી છે.રાજ્યના જુદા-જુદા વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહીને પગલે રાજ્યના માર્કેટ યાર્ડોમાં તકેદારીના પગલા લેવાઈ રહ્યા છે. ખેડૂતોના પાક વરસાદમાં પલળે નહીં તે માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. બોટાદ માર્કેટ યાર્ડના સંચાલકોએ ખેડૂતોને સૂચના આપી શકે છે. તાડપત્રીથી ઢાંકીને જણસી લાવવામાં આવે, તો અમરેલીના બાબરા છૅઝ્ઝમાં પાક પલળે નહીં તે માટે વેપારીઓને વ્યવસ્થા કરવા માટે સૂચના અપાઈ છે. બીજી તરફ રાજકોટના જસદણ માર્કેટ યાર્ડમાં શેડમાં કૃષિ પાકોને ઉતારવામાં આવશે.ખૂલ્લી જગ્યાએ પાક નહીં રાખવામાં આવે, તો જામનગર માર્કેટ યાર્ડમાં મગફળી અને મરચાની આવક હાલ પુરતી બંધ કરવામાં આવી છે.

### AMCના આરોગ્ય વિભાગની મોટી કાર્યવાહી

## AMCએ રિયલ પેપરિકાને ૧૦ હજાર અને બ્રિટિશ પીઝાને ૧૫ હજારનો દંડ ફટકાર્યો

### બંને રેસ્ટોરન્ટમાંથી સેમ્પલ લેબોરેટરીમાં મોકલાયા છે બંને રેસ્ટોરન્ટના ખાદ્ય પદાર્થમાંથી જીવાત નીકળી હતી

। અમદાવાદ, તા.૨૪ ।

જો તમે પણ બહારના ખાવાના શોખીન છો અને સતત હોટલ-રેસ્ટોરન્ટમાં જમવાની આદત બનાવી લીધી હોય તો એકવાર હોટલનું ભોજન જોઈ તપાસીને જ જમાવા બેસ જો. કારણ કે, ગાર્લિક બ્રેડ, પિઝા, બર્ગર બાદ મસાલા પાપડ જેવી વિવિધ વાનગીમાં જીવાત અને વંદા નીકળવાનો સિલસિલો ચાલી રહ્યો છે. આ બધાની વચ્ચે અમદાવાદ કોપર્રેશનનો આરોગ્ય વિભાગ પણ મોડા મોડા હરકતમાં આવ્યુ છે. અમદાવાદમાં ૨ રેસ્ટોરન્ટની બેદરકારી બદલ AMCએ કાર્યવાહી કરી છે. અમદાવાદમાં ૨ રેસ્ટોરન્ટની બેદરકારી બદલ AMCએ કાર્યવાહી કરી છે. રાણીપની રિયલ પેપરિકા રેસ્ટોરન્ટને રૂપિયા ૧૦ હજારનો દંડ ફટકાર્યો છે જ્યારે વસ્ત્રાલની બ્રિટિશ પીઝાને રૂપિયા ૧૫ હજારનો દંડ ફટકાર્યો છે. બંને રેસ્ટોરન્ટમાંથી સેમ્પલ લેબોરેટરીમાં મોકલાયા છે. અત્રે જણાવીએ કે, બંને રેસ્ટોરન્ટના ખાદ્ય પદાર્થમાંથી જીવાત નીકળી હતી.

થોડા દિવસ અગાઉ અમદાવાદની નામચીન હોટલ લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહી છે. અમદાવાદની કોર્ટયાર્ડ બાય મેરિયોટ હોટલના ભોજનમાંથી જીવાત પડેલી જોવા મળી હતી. કોર્ટયાર્ડ બાય મેરિયટના Java માં જમવા ગયેલા ગ્રાહકે જીવાતનો વીડિયો બનાવ્યો હતો.



થોડાદિવસ અગાઉ જ કબીર રેસ્ટોરન્ટ અને ઘી ગુડમાંથી પણ જીવાત નીકળી હતી. ત્યારે સમગ્ર ઘટના બાદ ગ્રાહકે કિચન વિઝિટની માગ કરતા હોટલ મેનેજમેન્ટે ઈક્રાર કર્યો હતો.

અગાઉ અમદાવાદના જોધપુરના પિઝા સેન્ટરમાં પિઝામાંથી જીવાત નીકળતા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. ગ્રાહક દ્વારા સ્વિગી પર ઓર્ડર કરેલા પિઝા બોક્સમાંથી વંદો નીકળ્યો હતો. આ અગાઉ પણ બોપલ અને એલિસબ્રિજ ખાતે પણ પિઝામાંથી જીવાત નીકળી હતી. જે બાદ એલિસબ્રિજ વિસ્તારમાં આવેલા લા પિનોઝ પિઝા સેન્ટરને સીલ મારી દેવામાં આવ્યું હતું.

### વડોદરાના બાપોદમાં સગીરાનું અપહરણ વિથ દુષ્કર્મ કેસ

## અપહરણ વિથ દુષ્કર્મ કેસમાં આરોપીને ૨૦ વર્ષની સજા રૂ.૧૦ હજારનો દંડ ફટકાર્યો

### વડોદરા કોર્ટે પોસ્કોની કલમ મુજબ કસૂરવાર ઠેરવી સજા ફટકારી છે

। વડોદરા, તા.૨૪ ।

વડોદરાના બાપોદમાં સગીરાના અપહરણ વિથ દુષ્કર્મ કેસમાં મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, બાપોદની ૧૬ વર્ષ ની સગીરાનું અપહરણ વિથ દુષ્કર્મ કેસમાં આરોપી ઈસમ લાલારામ પાંડોરને કોર્ટે ૨૦ વર્ષની સજા અને રૂ.૧૦ હજારનો દંડ ફટકાર્યો છે. વડોદરા કોર્ટે પોસ્કોની કલમ મુજબ કસૂરવાર ઠેરવી સજા ફટકારી છે. નોંધનિય છે કે, આરોપી ઈસમ અઢી વર્ષ પહેલાં સગીરા ને લગ્નની લાલચ



આપી આરોપી ભગાડી ગયા બાદ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.

વડોદરાના બાપોદમાં અઢી વર્ષ પહેલા એક ઈસમ પંથકની ૧૬ વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો. જે બાદમાં સુરેન્દ્રનગરમાં ભાડાના મકાનમાં રાખી ૩ મહિના સુધી દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ થઈ હતી. આ તરફ બાપોદની ૧૬ વર્ષ ની સગીરાના અપહરણ વિથ દુષ્કર્મ કેસમાં આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારવામાં આવી છે. બાપોદની ૧૬ વર્ષ ની સગીરાના અપહરણ વિથ દુષ્કર્મ કેસમાં કોર્ટે આરોપી લાલારામ પાંડોરને કોર્ટે ૨૦ વર્ષની સજા અને રૂ.૧૦ હજારનો દંડ ફટકાર્યો છે. મહત્વનું છે કે, વડોદરા કોર્ટે પોસ્કોની કલમ મુજબ કસૂરવાર ઠેરવી સજા ફટકારી છે.

### ટનલમાં ૧૨ દિવસથી ફસાયેલા ૪૧ શ્રમિકોનુ રેસ્કયૂ ઓપરેશન ચાલી રહ્યુ છે

## શ્રમિકોના રેસ્ક્યૂ માટે વલસાડથી ઉત્તરકાશી મોકલવામાં મશીન આવ્યું

### ઓગર ડ્રિલિંગ મશીનમાં ટેકનિકલ ખામી સર્જાતા ડ્રિલિંગનું કામ બંધ કરાયું હતું

। વલસાડ, તા.૨૪ ।

ઓગર ડ્રિલિંગ મશીનમાં ટેકનિકલ ખામી સર્જાતા ડ્રિલિંગનું કામ બંધ કરાયું હતું. જો કે મશીન રિપેર થયા બાદ આ મશીન ફરી શરુ કરવામાં આવ્યુ છે. જો કે ખાસ વાત એ છે કે માટીનું ડ્રેલીગ કરવા માટેનું એક મશીન વલસાડથી મોકલાવવામાં આવ્યુ છે.

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં નિર્માણાધીન ટનલમાં ૧૨ દિવસથી ફસાયેલા ૪૧ શ્રમિકોનુ રેસ્કયૂ ઓપરેશન ચાલી રહ્યુ છે. ઓગર ડ્રિલિંગ મશીનમાં ટેકનિકલ ખામી સર્જાતા ડ્રિલિંગનું કામ બંધ કરાયું હતું. જો કે મશીન રિપેર થયા બાદ આ મશીન ફરી શરુ કરવામાં આવ્યુ છે. જો કે ખાસ વાત એ છે કે માટીનું ડ્રેલીગ કરવા માટેનું એક મશીન વલસાડથી મોકલાવવામાં આવ્યુ છે.ટનલ બનાવવા માટે ઉપયોગમાં લેવાતું હેવી ડ્રિલિંગ મશીન વલસાડમાં અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનના સ્થળ પરથી ઉત્તરકાશીના સિલ્ક્યારા ખાતેના મોકલાવવામાં આવ્યુ છે. આ મશીન સુરત લાવવામાં આવ્યુ હતુ, ત્યારબાદ તેને ઉત્તરકાશી માટે રવાના કરવામાં આવ્યુ હતુ. આજે આ મશીન બચાવ સ્થળ પર પહોંચે તેવી શક્યતા છે. લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડની માલિકીનું ડ્રિલિંગ મશીન બુધવારે રવાના કરવામાં આવ્યુ હતુ. આ મશીન નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડમાં કાર્યરત હતું. સુરત જિલ્લા પોલીસ દ્વારા કોન્વે મારફતે મોકવામાં આવ્યું હતુ.

### રાજકોટવાસીઓની ફિક્કી ઉંધિયાની રંગત પડશે

## શિયાળાની શરૂઆતમાં જ શાકભાજીના ભાવમાં ૨૦ થી ૩૦ ટકા સુધીનો ઉછાળો

। રાજકોટ, તા.૨૪ ।

રાજકોટમાં શિયાળાની શરૂઆતમાં જ શાકભાજીના ભાવમાં ૨૦ થી ૩૦ ટકાનો ઉછાળો આવ્યો છે. જે શાકભાજી ૩૦ થી ૪૦ રૂપિયે કિલો વેચાઈ રહ્યા હતા તે હાલ ૭૦ રૂપિયે કિલો વેચાઈ રહ્યા છે. શિયાળામાં જ લીલોતરી શાકભાજી વધુ આવતા હોય છે ત્યારે ભાવવધારો થતા રાજકોટવાસીઓના ઉંધિયાનો સ્વાદ ફિક્કો પડી શકે છે. સામાન્ય રીતે શિયાળા દરમિયાન શાકભાજી સસ્તા મળતા હોય છે. લીલોતરી શાકભાજી વધુ આવતા હોવાથી લોકો ઉંધિયાની જ્યાફત માણતા હોય છે. જો કે આ વખતે શિયાળાની શરૂઆતમાં જ શાકભાજીના ભાવમાં ૨૦ થી ૩૦ ટકાનો ઉછાળો આવ્યો છે. વેપારીઓમના કહેવા મુજબ શાકભાજીના ભાવમાં ૨૦ થી ૩૦ ટકાનો વધારો થયો છે. જે ટામેટા ૩૦ થી ૪૦ રૂપિયા પ્રતિ કિલો વેચાઈ રહ્યા હતા તે હવે ૭૦ રૂપિયે કિલોએ પહોંચી ગયા છે. આ સિવાય લીલા વટાણા, ફ્લાવર, ગવાર, ભીંડા, રીંગણા, દૂધી, કારેલા, ડુંગળીના ભાવમાં પણ વધારો થયો છે. આ ભાવ આગામી ૧૫ થી ૨૦ દિવસ સુધી યથાવત રહેશે. શાકભાજીનું ઉત્પાદન પૂરતુ ન થતા તેના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. વેપારીના જણાવ્યા મુજબ આ વર્ષે વરસાદ લંબાયો જેની અસર શાકભાજીના ભાવ પર પડી છે. પાછોતરા વરસાદને કારણે શાકભાજીને નુકસાન થયુ છે. આથી નવુ શાકભાજી આવવામાં હજુ ૧૫ થી ૨૦ દિવસનો સમય લાગી શકે છે.


ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર




ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો

આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો

દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...

cnngujarat@gmail.com


માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨